Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

RGISTERED. B. N. 156

श्री

# જૈનધર્મ પ્રકાશ.

कर्तव्यं जिनवंदनं विधिपरैर्हर्षोल्लसन्मानसैः ।
सच्चारित्रविभूषिताः प्रतिदिनं सेव्याः सदा साधवः ॥
श्रोतव्यं च दिने दिने जिनवचो मिथ्यात्वनिर्नाशनं ।
दानादौ व्रतपालनं च सततं कार्या रतिः श्रावकैः ॥ १ ॥

" વિધિને વિષે તત્પર અને હર્ષથી ઉલ્લસિત મનવાળા શ્રાવકોએ પ્રતિદિન શ્રી જિનેશ્વરને વંદન કરવું, સત્ ચારિત્રવડે સુશોભિત એવા મુનિરાજોની સદા સેવા કરવી, મિથ્યાત્વનો નાશ કરનાર જિનવચન પ્રતિદિન સાંભળવું અને દાનાદિક ( દાન, શીલ, તપ અને ભાવના )ને વિષે તથા અહિંસાદિક વ્રતને પાળવામાં નિરંતર આસક્તિ રાખવી."

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૬મું. અષાઢ. સંવત ૧૯૬૬. શાકે ૧૮૩૨. અંક ૪ થો.

પ્રગટકર્ત્તા

શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર.

ભક્તિની ભાવના... ... ... ... ... ... ... ... ૯૭
શ્રી સીમંધર પ્રભુની વિનતિ રૂપ સ્તવનનો સારાંશ ... ... ... ... ... ૯૮
પ્રશ્નોત્તર રત્નમાળા ... ... ... ... ... ... ... ૧૦૬
તળાજા યાત્રાનો અનુભવ ... ... ... ... ... ... ૧૧૯
શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતો સાર ... ... ... ... ૧૨૩
શુદ્ધ ઉપદેશ ... ... ... ... ... ... ... ...
શેઠ અનુપચંદ મલુકચંદનું ખેદકારક મૃત્યુ... ... ... ... ...

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

### સીલ્વર જ્યુબીલી પુસ્તક.

પચીશમા પુસ્તકની ભેટ "શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો જ્યુબીલી અંક" જે ઘણુંજ સુંદર પુસ્તક છે તે રાખેલ છે. આ અંક ઘણા ઉંચા ચકચકીત પેપર ઉપર છપાવવામાં આવેલ છે. તેનું કદ રોયલ આઠ પેજી ૨૦ ફારમથી પણ વધારે થયું છે; તેની અંદર સભાનો ૨૭ વર્ષનો રીપોર્ટ, જ્યુબીલી સભાનું સવિસ્તર પ્રોસીડીંગ, જુદા જુદા વિદ્વાનો તરફથી ભિન્ન ભિન્ન વિષયો ઉપર લખાઈ આવેલા ઉત્તમ લેખો કેટલાક સાક્ષરો તરફથી આવેલા પત્રો, ૨૪ વર્ષના 'જૈન ધર્મ પ્રકાશ'ના પુસ્તકોની અંદર આવેલા વિષયોની એકંદર અનુક્રમણિકા વિગેરે આપવામાં આવેલ છે. ઉપરાંત પરમોપકારી મુનિ મહારાજ શ્રી વૃદ્ધિચંદજીનો, ભાવનગરના નામદાર દરબારશ્રીનો, મુખ્ય દીવાન સાહેબનો, સભાના પેટ્રનો બાબુ સાહેબ રાય બહાદુર બુધસિંહજી દુધેડીઆ તથા શેઠ મનસુખભાઈ ભગુભાઈનો એમ કુલ પાંચ ફોટા નાંખવામાં આવેલ છે. એની રસિકતા વાંચનારજ જાણી શકે તેમ છે.

આવું મોટું અને સુંદર પુસ્તક અમારા સુજ્ઞ ગ્રાહકોને ૨૫ મા પુસ્તકની ભેટ તરીકે આપવામાં આવેલ છે. વેચાણ લેનાર માટે કિં૦ રૂા. ૦ાા રાખેલ છે. પોસ્ટેજ રૂા. ૦-૨-૬.

---

## ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ચોથો.

આ આખો ગ્રંથ એટલો બધો રસિક અને વાંચવા લાયક છે કે જેને માટે વધારે પ્રશંસા લખવાની આવશ્યકતા નથી. દરેક વિષયને કર્ત્તાએ અનેક સૂત્રો અને ગ્રંથોના આધાર સાથે પુષ્ટ કરેલા છે, અને તેનાપર દરેક વ્યાખ્યાનમાં ઉદાહરણો (દૃષ્ટાંતો) આપી વિશેષ દૃઢ કરેલ છે. વાંચતાં આનંદ ઉપજવા સાથે બોધ મળે તેમ છે. પુસ્તકના પહેલા ભાગની બીજી આવૃત્તિ હવે પછી કાઢવામાં આવશે. બીજા તથા ત્રીજા ભાગની દરેકની કિંમત રૂા. ૧-૮-૦ રાખેલ છે. ચોથો ભાગ દોઢ ગણો મોટો થયેલ છે. રોયલ આઠ પેજી ૫૬ ફારમની પાકા મજબુત અને સુશોભિત પુંઠાવાળી આ બુકની કિંમત રૂા. ૨ રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું.

---

## બે પ્રતિક્રમણ સૂત્ર (ગુજરાતી).

સદરહુ બુક છપાઈને આવી ગઈ છે. જેઓને ખપ હોય તેઓએ તાકીદે મંગાવી લેવી. કિંમત રૂા. ૦-૨-૬. શાળા તથા ઈનામ માટે રૂા. ૦-૨-૦. આ બુકના અક્ષરો ઘણા મોટા અને સુંદર છે. ભણવા વાંચવા માટે બહુ અનુકૂળ પડે તેવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं। ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन। यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति। यदुत सेवनीया दयालुता। न विधेयः परपरिभवः। मोक्तव्या कोपनता। वर्जनीयो दुर्जनसंसर्गः। विरहितव्यालीकवादिता। अभ्यसनीयो गुणानुरागः। न कार्या चौर्यबुद्धिः। त्यजनीयो मिथ्याभिमानः। वारणीयः परदाराभिलाषः। परिहर्तव्यो धनादिगर्वः। विधेया दुःखितदुःखत्राणेच्छा। पूजनीया गुरवः। वंदनीया देवसङ्घाः। सन्माननीयः परिजनः। पूरणीयः प्रणयिलोकः। अनुवर्तनीयो मित्रवर्गः। न भाषणीयः परावर्णवादः। गृहीतव्याः परगुणाः। लज्जनीयं निजगुणविकत्थनेन। स्मर्तव्यमणीयोऽपि सुकृतं। यतितव्यं परार्थे। संभाषणीयः प्रथमं विशिष्टलोकः। अनुमोदनीयो धार्मिकजनः। न विधेयं परमर्मोद्घट्टनं। भवितव्यं सुवेषाचारैः। ततो भविष्यति भवतो सर्वज्ञसद्धर्मानुष्ठानयोग्यता।

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૬ મું. અષાડ સં. ૧૯૬૬. શાકે ૧૮૩૨. અંક ૪ થો.

## ભગિની ભાવના.*

રાગ સોહણી

વિશ્વની નારી મળે તે તો અમારી બ્હેન છે;
દેવાંગના કે માનુષી તે તો અમારી બ્હેન છે. ૧

જેના તરફ કુદૃષ્ટિ કરી તે, માફી અમને બક્ષજો;
મીઠી હવે છે આંખ અમીની, તે અમારી બ્હેન છે. વિ૦ ૨

ક્યાંહી નજર નીચે મળે કે, કલ્પના કે સ્વપ્નમાં;
આ જન્મમાં પર જન્મમાં તે તો અમારી બ્હેન છે. વિ૦ ૩

આત્મસત્તાએ અમારી બ્હેનથી જૂદા નથી;
રૂપાદિયુક્ત તે દેહથી તે તો અમારી બ્હેન છે. વિ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દોષ પ્રેમની વીરપસલી જ્યાં મળે ત્યાં આપીશું;
કલ્યાણ તેનું ભાવીશું કાં? તે અમારી વ્હેન છે. વિ૦ ૫
કલ્યાણી ભગિની આત્મ મંથનમાં બનો અમ ભાગિની;
એ ભાવના રસ ઝીલીશું કે તે અમારી વ્હેન છે. વિ૦ ૬

તા. ૩૦-૫-૧૯૧૦.

વીરભક્તિ.

---

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય વિરચિત

# શ્રી સીમંધર પ્રભુની વિનતિ રૂપ સ્તવનનો સારાંશ.

(પીઠ બંધ)

હે જિનેશ્વર પ્રભુ! આપ મ્હારી વિનતિ સાંભળીને અવધારો! આપની આજ્ઞા મ્હારે પ્રમાણ છે અને આપની સેવાભક્તિ મને પ્યારી લાગે છે. ૧

જે મુગ્ધ-અણજાણ લોકો કુગુરૂના સ્વાર્થમય ઉપદેશમાં સપડાયા છે તેમને આપનો સત્ય ઉપદેશ રૂચે તોજ તેમનો છૂટકારો થઈ શકે એમ છે. ૨

જેનામાં સમ્યગ્ બોધ, શ્રદ્ધા અને આચરણ જણાતાં નથી એવા કુગુરૂઓ અંધપરંપરાથી કુળાચારનેજ ધર્મ માની લઇ મુગ્ધ જનો પાસે તે કરાવી તેમને ધોળે દહાડે લૂંટે છે. તેનો પોકાર કોની પાસે જઇને કરવો? ૩

સમ્યગ્ દર્શન,જ્ઞાન અને ચારિત્ર પ્રમુખ સદ્ગુણો વિના જે પોતેજ ભવસમુદ્ર તરવા શકત થયા નથી તે અન્ય જનોને શી રીતે તારી શકશે એ વાતને અણજાણતા મુગ્ધ જનો દૃષ્ટિરાગથીજ કુગુરૂના ફંદમાં પડીને કેવળ પાપબંધન કર્યા કરે છે. કંઈ પણ સ્વહિત સાધી શકતા નથીજ. ૪

કામકુંભ, કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતારત્ન સદૃશ ધર્મ અમૂલ્ય છતાં કુગુરૂઓ કેવળ સ્વાર્થ સાધવાને તેનું મૂલ્ય પરઠે છે. આતે કેવો ગજબ? ૫

જે કેવળ સ્વાર્થનોજ ઉપદેશ આપે છે અને ધર્મનાં શાસ્ત્ર ઓળવે છે એવા જે પરમાર્થના ચોર છે તેમનાથી ધર્મનું શી રીતે રક્ષણ થઇ શકે? કેમકે તે પોતેજ ધર્મચોર છે. એવા કુગુરૂઓ રંચ માત્ર વિશ્વાસ કરવા યોગ્ય નથીજ. ૬

---

* રા. લાલનની નીચેની ભાવના કરતાં મને આ ભાવના વધારે પ્રિય, અને અભિન્ન સ્વરૂપમાં વધારે અલ્પ સમયમાં લાવનારી લાગે છે. બીજાને જે લાગે તે. અસ્તુ.

" મોટી તે સહુ માતૃ તુલ્ય ગણું હું, છોટી ગણું પુત્રીઓ;
જે હોય સમવયમાં મુજ તણાં, તેને ગણું ભગિનિઓ. " વીરભક્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહસ્થો પણ વિષયરસમાં મગ્ન છતા કુગુરૂઓના કુબોધથી મિથ્યા અભિમાનના પુરમાં તણાતા જાય છે. આવી ધિંગામસ્તીથી ખરો માર્ગ દૂરજ રહે છે. ૭

કલેશ અને કદાગ્રહથી ભરેલા કુગુરૂઓ સ્વમતનું સ્થાપન કરતા છતા શ્રી વીતરાગ પ્રભુનાં હિતકર વચનને આજકાલ છચોક ઓળવે છે. ૮

કઇંક કપટી કુગુરૂઓ સ્વદોષનું ગોપન કરવા માટે અને કઇંક વળી સ્વમતનું સ્થાપન કરવા માટે ધર્મ વિરૂદ્ધ બોલતા સતા મંદમતિપણાથી સત્ય વાત કહેતા નથી. ૯

એવી રીતે કઇંક ઠેકાણે ભેદ પડતી વાત સાંભળીને લોકનો વિશ્વાસ ઉડી જાય છે, અને સત્ય ધર્મને અણપામતા તે બાપડા સાચા ધર્મને માટે જ્યાં ત્યાં ઢૂંઢતા ફરે છે. ૧૦

## શુદ્ધ ધર્મની સમજ.

એમ ખરા ધર્મની શોધ કરતાં કરતાં કોઇક સ્થળે એક સદ્‌ગુરૂ મળી આવ્યા. તે સદ્‌ગુરૂ કેવળ કરૂણાબુદ્ધિથી શોધકને સત્ય ધર્મ વિવેક પૂર્વક સમજાવે છે. ૧૧

જેમ કસ્તુરીઓ મૃગ પોતાનીજ નાભિમાં રહેલી કસ્તુરીના ગંધનો મર્મ અણજાણતો તે ગંધ લેવાને ખોટી દોડાદોડ કરે છે તેમ તમે પણ તમારા આત્માંમાંજ રહેલા ધર્મના મર્મને અણજાણતા તે ધર્મને માટે જ્યાં ત્યાં ખોટી દોડાદોડ કરતા દેખાઓ છો. ૧૨

જેમ તે મુગ્ધ મૃગલો કસ્તુરીની વાસના લેવા માટે વનમાં સર્વત્ર ભૂલો ભટકે છે, તેમ જગતમાં મિથ્યાદૃષ્ટિથી અંધ બનેલા લોકો ધર્મને માટે જ્યાં ત્યાં ઢુંઢતા ફરે છે. ૧૩

જન્મથી અંધ હોય તે અર્થને દેખીજ શકે નહીં તેનો તો શો ઉપાય? પણ મિથ્યાદૃષ્ટિપણાથી જે અર્થને અનર્થ માને, ધર્મને અધર્મ માને, અધર્મને ધર્મ માને, માર્ગને ઉન્માર્ગ માને, ઉન્માર્ગને માર્ગ માને, સાધુને અસાધુ માને, અસાધુને સાધુ માને; જીવને અજીવ માને, અજીવને જીવ માને; મુક્તને અમુક્ત માને અને અમુક્તને મુક્ત માને—તેવા વિપરીત દૃષ્ટિવાન લોકજ અધિક દોષપાત્ર છે. ૧૪

મિથ્યાદૃષ્ટિપણાથી અંધ બનેલા લોકો પોતાની પ્રશંસા કરે છે, પારકા ગુણોને ગોપવે છે, લેશ માત્ર ગુણને ગ્રહણ કરતા નથી, પરમ હિતકારી જિનવાણીને સાંભળતા નથી, અને ભોળા લોકોને કેવળ સ્વાર્થમય મિથ્યા ઉપદેશ આપે છે. ૧૫

પરંતુ જેમને સૂર્ય સદૃશ સદ્‌ગુરૂ મળે છે તે સમ્યગ્ જ્ઞાનના પ્રકાશથી મોહ તિમિર (અંધકાર)ને દૂર કરી સમ્યગ્ દર્શન (સમકિત)ના યોગે પોતાના આત્મામાંજ જ્ઞાનાનંદથી ભરપૂર એવા શુદ્ધ–સત્ય ધર્મની પ્રતીતિ કરી શકે છે. ૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ કોઈ પણ જાતના કલંકથી રહિત એવી નિર્મળતા એ સ્ફટિક રત્નનો સ્વભાવ છે તેમ ક્રોધાદિક પ્રબળ કષાયના અભાવવાળો આત્માનો સહજ શુદ્ધ સ્વભાવ એજ ખરો ધર્મ છે એમ શ્રી વીરપરમાત્માએ પ્રકાશેલું છે. ૧૭

જેમ સ્ફટિક રત્ન ઉપર રાતું ફૂલ મુકવાથી તે રાતું અને શ્યામ મુકવાથી તે શ્યામ જણાય છે તેમ જગતમાં જીવને પુણ્યપાપના યોગથી રાગદ્વેષના પરિણામ થાય છે. ૧૮

રાગદ્વેષમય પરિણામ એ આત્માનો શુદ્ધ સ્વભાવ-ધર્મ નથી પણ વિભાવ હોવાથી સદા વ્યાધિરૂપ છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે-રાગદ્વેષયોગેજ સર્વ ઉપાધિ સંભવે છે. રાગદ્વેષ ઉપાધિ રૂપજ છે. તેથી તે શુધ્ધ ધર્મ રૂપ નથીજ. જો પ્રશસ્ત રાગદ્વેષ હોય તો કારણે કાર્યોપચારથી વ્યવહારધર્મ કહેવાય પણ નિશ્ચય ધર્મ તો નહીજ. ૧૯

જે જે અંશે રાગદ્વેષ રૂપ ઉપાધિની ઓછાશ થવાથી નિરૂપાધિકપણું થાય તે તે વ્યવહાર નયના મતે આત્માનો સહજ શુધ્ધ સ્વભાવ પ્રગટ કરવામાં સહાયકારી હોય. તે માટે ચોથા ગુણસ્થાનકથી માંડી ચોદમા ગુણસ્થાનક પર્યંત ધર્મજ કહેવાય. ૨૦

એમ સમજી શુભ જ્ઞાન દશા આદરી રાગદ્વેષ કષાય રહિત નિજ સ્વભાવમાં જ રમીએ અને રાગદ્વેષાદિક વિભાવ ( ખોટી ) પરિણતિ સેવીને સંસારમાં ન ભટકીએ. મતલબ કે રાગદ્વેષનો ત્યાગ કરી સમતા રસમાં મગ્ન થવાથી મુક્તિ પમાય છે અને તેથી વિરૂધ્ધ વર્તવાથી જન્મમરણનાં દુઃખ પમાય છે. ૨૧

" આત્મજ્ઞાન-વિચાર. "

જ્યાંસુધી આત્મદ્રવ્યનું શુધ્ધ સ્વરૂપ જાણ્યું નથી ત્યાંસુધી શી રીતે સ્વઉન્નતિ સાધી શકીએ ? માટે પ્રથમ આત્મતત્ત્વનોજ વિચાર કરવો જરૂરનો છે. આત્માને યથાર્થ ઓળખવાથીજ સ્વકર્તવ્ય સમજીને તેને યથાયોગ્ય સેવી સ્વહિત સાધી શકાશે. ૨૨

આત્માને નહીં ઓળખવાથી શરીરાદિક જડ વસ્તુઓમાં મિથ્યા અભિમાન-રાગદ્વેષ કરનાર જે જન્મમરણનાં દુઃખ પામે છે તે દુઃખ તત્ત્વજ્ઞાનના પ્રભાવથી દૂર થઇ શકે છે; કેમકે આતમ જ્ઞાનથી ખરાને ખરૂં અને ખોટાને ખોટું જાણી તેનો વિવેક કરી શકાય છે. તેવા તત્ત્વજ્ઞાન વિના તો પશુવત્ પ્રવૃત્તિ થાય છે એમ સમજવું.૨૩

જે ઉંચી અધ્યાત્મ દશા-મોહરહિત પ્રવૃત્તિ તેજ ચારિત્ર છે. કર્મ શત્રુને હઠાવે તેજ ખરૂં ચારિત્ર છે એમ સમયસો કહે છે; અને એવા દુષ્ટ કર્મનો સંચાર શુધ્ધ અધ્યાત્મ દશામાં સંકલ્પવિકલ્પના અભાવથી સંભવતો નથી. ૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવતી સૂત્રમાં આત્મભાવ-સમતારૂપજ ચારિત્ર કહ્યું છે. દ્રવ્યથી ત્યાગરૂપ ચારિત્ર કહ્યું છે તે કારણમાં કાર્યનો ઉપચાર કરી વ્યવહારથી કહ્યું છે. ૨૫

આચારાંગ સૂત્રના પાંચમા અધ્યયનમાં 'મુનિભાવવડેજ સમકિત અને સમકિત એ મુનિભાવજ' એમ જે ફરમાવ્યું છે તે ( કારક સમકિત ) નિજ શુદ્ધ સ્વભાવમાં રમણભાવથી રમણ કરવા વડેજ ઘટે છે. ૨૬

જ્ઞાનદશા ( અધ્યાત્મ પરિણતિ ) વિના કોઈ ગમે તેટલું કષ્ટ કરે, સંયમ સેવે કે દેહને દમે તોપણ જન્મમરણાદિક દુઃખનો અંત આવી શકે નહીં. ૨૭

જે બાપડા નિર્મળ જ્ઞાન દશા વિના ઉગ્ર વિહાર તપ જપ કરણી કરવા રૂપ બાહ્ય યતના કરે છે તે લેખે પડતી નથી; જ્ઞાન સહિત અથવા જ્ઞાની પુરૂષોની નિશ્રાએ કરેલી સંયમકરણીજ લેખે પડે છે. ૨૮

રાગ દ્વેષરૂપ અંતર મળ ગાળવા ઉપશમ-જળમાં ઝીલે અને એમ કરી સમતા ગુણને આદરી પરપરિણતિને ટાળે તોજ શ્રેય છે. ૨૯

'હું અને મારાપણાની બુદ્ધિ' વડે આત્મા જડવત્ આચરણ કરે છે. પોતાના અંતર શુદ્ધ સ્વરૂપનો કંઈ વિચાર પણ કરી શકતો નથી. ૩૦

શરીરાદિક જડ વસ્તુમાં મમત્વબુદ્ધિને ધારતાં મન ખોટી દોડાદોડ કરતું જ્યાં ત્યાં ભટકે છે અને તેવી મમત્વબુદ્ધિ તજી આત્મવિચારણા કરી સમભાવને સેવતાં અંતે અક્ષયપદ પ્રાપ્ત થાય છે. ૩૧

આચારાંગ સૂત્રના ત્રીજા અધ્યયનમાં કહ્યું છે કે સંયમની મર્યાદા જાણીને શુદ્ધ મને તે મુજબ આચરવાથી ચારિત્ર ટકે; પણ મનના ભંગે એટલે ભગ્ન પરિણામે બાહ્ય ક્રિયા કરતા છતા સંયમ ન સંભવે. ૩૨

અંતર ઉપયોગ વિના જે બાહ્ય લક્ષથી ધર્મકરણી કરવામાં આવે તે મમત્વ ભાવથી નકામી થાય છે એમ જ્ઞાની પુરૂષો કહે છે. ૩૩

જેમ જેમ જડ વસ્તુઓમાં અહંકાર અને મમકાર સેવાય છે તેમ તેમ અજ્ઞાનતાના જોરથી ઘણાં ચિકણાં કર્મ બંધાતાં જાય છે. ૩૪

વ્યવહાર નયથી આત્મા આઠે કર્મનો તેમજ ગૃહાદિકનો કર્તા કહેવાય છે, અને અશુદ્ધ નિશ્ચય નયથી રાગદ્વેષાદિકનો કર્તા કહેવાય છે. ૩૫

શુદ્ધ નિશ્ચય નયથી તો આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો- નિર્મળ ગુણોનો જ કર્તા છે, પણ રાગદ્વેષાદિક-પરપરિણામનો કર્તા શુદ્ધ નિશ્ચયથી નથીજ. ૩૬

આવી રીતે આત્મ સ્વરૂપ સદ્ગુરૂએ સમજાવ્યાથી શિષ્ય તર્ક કરે છે કે જો આત્મા પરભાવનો કર્તા કરતો નથી તો દાન દેવું અને લેવું એ આદિક ક્રિયા કેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવી ઘટે ? તેને સદ્ગુરૂ સમજાવે છે કે આત્મા પરભાવનો અકર્તા જણાવ્યો તે શુદ્ધ નિશ્ચય નયના અભિપ્રાયે જાણવો. બાકી દાન હરણાદિકનું ફળ આત્માજ પામી શકે છે; બીજાં તો કેવળ નિમિત્ત માત્ર છે. ૩૭

અન્ય જીવને કંઇ વસ્તુનું દાન દેતાં દેનાર પોતાનો ધર્મ કે પોતાનું સુખ દઇ દેતો નથી તેમજ તે દાન લેનાર દાન દેનારના ધર્મ કે સુખને હરી લેતો નથી. આત્માનો ભાવ–ધર્મ–સુખ આત્મામાંજ રહે છે અને વસ્તુનું દેવું લેવું એ બધું વ્યવહારદૃષ્ટિથી કહેવાય છે. ૩૮

મન વચન અને કાયાવડે જે પુદ્ગલ ગ્રહાય છે તે પુદ્ગલ જીવનાં નથી. તે સર્વેથી જીવ જુદોજ છે અને જીવથી કાયા પણ જુદી છે. ૩૯

જો અન્નપાનાદિક પુદ્ગલ પોતાનાંજ નથી તો તે અન્યને કેમ દેવાય? એમ સૂક્ષ્મ રીતે જોતાં તો પર પ્રત્યે દાનહરણાદિક સંભવતાંજ નથી. ૪૦

પરંતુ દાનહરણાદિક અવસરે થતા શુભ કે અશુભ અધ્યવસાયવડે આત્મા પોતે પોતાનેજ પોતાનો ભાવ–ધર્મ–સુખ સમર્પે છે કે અપહરે છે; અર્થાત્ તેવડે પોતેજ લાભ કે ગેરલાભ મેળવે છે; અને મુગ્ધી કંઇ ગેરસમજથી અન્યથા બોલે છે કે હું અમુકને દઉં છું. હું પરોપકાર કરૂં છું વિગેરે. ૪૧

અહંકારથી અન્યથા બોલનાર નવાં કર્મ બાંધે છે. જે નિરભિમાનતાથી કેવળ સાક્ષીભાવે રહી સ્વકર્તવ્ય કર્મ કરે છે તેજ ખરૂં સુખ પામે છે. સ્વ કર્તવ્ય કર્મ સમજીને સાક્ષીભાવે રહેનારજ સુખી થાય છે. ૪૨

શુભ કે અશુભ અધ્યવસાયથી જે રાગદ્વેષ રૂપ વિચિત્રતા થતી દેખાય છે તે વિચિત્ર ભાવ ટળે ત્યારેજ આતમરાય સહજ નિરૂપાધિક એકાંતિક અને આત્યંતિક એવું અક્ષય સુખ ચાખવા શકિતવાન્ થાય છે. ૪૩

જે પારકી આશા રૂપી વિષવેલી શુભાશુભ કર્મ રૂપી વિચિત્ર ફળવડે બહુપેરે ફળે છે તેને શુધ્ધ અનુભવજ્ઞાનરૂપી અગ્નિથીજ બાળી શકાય તેમ છે. ૪૪

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે 'જે રાગદ્વેષ રહિતપણે શુધ્ધ આત્મધ્યાને આરાધે છે તે જરૂર આત્મ શક્તિને પ્રગટ કરે છે.' ૪૫

જે નિર્વિકલ્પ ઉપયોગ રૂપ સહજ સમાધિમાં મસ્ત બનાવી રાખે એવી આત્મ સ્થિરતા (સ્વભાવ રમણતા) તેજ શુધ્ધ નિશ્ચય દયા છે એમ સદ્ગુરૂ બતાવે છે. (તે હૃદયમાં ધારી રાખવા યોગ્ય છે.) ૪૬

જે કંઇ પણ અંતર લક્ષ વિના કેવળ સ્થૂળ બુદ્ધિથી અન્યના પ્રાણને આધાર આપે છે તે તેની વ્યવહારનયથી દયા લેખાય છે. પરંતુ જેને સમ્યગ્ દર્શન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન અને ચારિત્ર રૂપ પોતાના ભાવપ્રાણુની કશી ખેવના નથી તેવા બાહ્યદૃષ્ટિ જીવની વ્યવહાર દયા શું કામની છે ? ૪૭

જેમ લોકોની વસતિ વિના નગરની ભૂમિ ઉજડ જેવી લાગે છે અને જેમ જીવ વિના કાયા શબરૂપ નકામી થઇ જાય છે, તેમ આત્મલક્ષ રાગદ્વેષાદિક દૂર કરવા રૂપ અધ્યાત્મ ઉપયોગ વિના પરદયા નટચેષ્ટા જેવી નિઃસત્ત્વ સમજવી. માટે પ્રથમ પરિણુતિ સુધારવાની જરૂર છે. એટલે કે સ્વપરિણુતિ સુધારવા માટેજ સર્વત્ર સાવધાન રહેવાનું છે. ૪૮

શાસ્ત્રમાં તત્ત્વ જ્ઞાનમય અનુભવયોગ પરમહિતકારી કહ્યો છે. અનુભવયોગમાં સર્વ આચાર–ક્રિયા સમાય છે. તેવડે મુનિજનો સર્વ પ્રકારના મોહને ટાળી શકે છે. માટે અનુભવયોગ આત્માર્થી જનોએ અવશ્ય સેવવા યોગ છે. ૪૯

સૂત્ર અક્ષર ગણુવા રૂપ કર્મયોગ સરસ શેલડી સરખો કહ્યો છે, અને તેનો અનુભવ કરવા રૂપ જ્ઞાનયોગ શેલડીના રસ સમાન વખાણ્યો છે. ૫૦

પારકી આશા તજી નિસ્પૃહપણે આત્માનો–સ્વસ્વરૂપનો અનુભવ કરવો એજ સાર છે, અને એથીજ સંસારનો તાપ શમે છે. ૫૧

"વ્યવહાર માર્ગ સંબંધી પુષ્ટિ."

એમ નિશ્ચય સ્વરૂપ સાંભળીને કોઇક વીતરાગ શૈલીનો અણુજાણુ કહે છે કે સારભૂત એવું જ્ઞાનજ સેવવું જોઇએ; વ્રત પચ્ચખાણુની કશી જરૂરજ નથી.' એવી રીતે ક્રિયા ઉત્થાપનાર વ્યવહારને લોપે છે. ૫૨

એમ ક્રિયામાર્ગ તજતાં ધર્મમર્યાદાનો લોપ થાય છે. તેવી રીતે ધર્મમર્યાદા લોપનારે યાદ રાખવું જોઇએ કે કારણુ વિના કાર્ય નીપજતુંજ નથી. ૫૩

વ્યવહારમાર્ગને ઉવેખી જે એકલા નિશ્ચય માર્ગનુંજ આલંબન લેવા જાય છે તે જિનધર્મનેજ લોપે છે, એમ તે બાપડા સમજતા નથી. ૫૪

જે સત્ય શોધક સુભગ સજ્જન છે તે તો નિશ્ચયને હૃદયમાં સ્થાપી વ્યવહારને સાધન રૂપ સમજીને સારી રીતે સેવે છે, અને એમ સાધ્ય દૃષ્ટિથી વ્યવહારને સેવનાર અવશ્ય ભવસમુદ્રનો પાર પામી શકે છે. ૫૫

જેમ અશ્વ ઉપર આરૂઢ થઇ જનાર જલદીથી ધારેલે સ્થળે જઇ પહોંચેછે તેમ વ્યવહાર શૈલીને સેવનાર સાધુ શીઘ્ર મોક્ષપદ પામી શકેછે. ૫૬

પછી જેમ મહેલ ઉપર ચઢતાં તે અશ્વનું કામ પડતું નથી તેમ વ્યવહારના બળે નિશ્ચય–સાધ્ય વસ્તુ પામ્યા પછી તે ક્રિયા–વહેવારની જરૂર રહેતી નથી. ૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ જે મૂળગા વ્યવહારને પાળતાજ નથી તે નિશ્ચય-સાધ્યને શીરીતે પામી શકશે? અરે એવા પુણ્યહીનને કોનો આધાર? ૫૮

જે અગ્નિના સખ્ત તાપને સહન કરતાં લગારે શ્યામપણું ધારે નહિં તેજ ખરૂં કાંચન કહેવાય, તેમ જે શુદ્ધ ક્રિયાકલાપને સેવવા રૂચિ જગાડી તેમાં તલ્લીન બનાવે તે ખરી જ્ઞાનદશા કહી શકાય. ૫૯

જેમ શુભ—મજબુત આલંબન વિના વિષમી વાટમાં માણસ ગબડી પડે છે તેમ શુભ-શુધ્ધ ક્રિયાની સહાય વિના મુગ્ધ જનો સંસારમાં રઝળી મરે છે. ૬૦

ભરતાદિકના દાખલા દઇને જે ક્રિયામાર્ગને લોપે છે, શુભ વ્યવહાર માર્ગને ઉત્થાપે છે તે જિનમતનું રહસ્ય જાણતાજ નથી, અથવા તો તે જાણી જોઇને લોકને ખોટે વિષમ માર્ગે દોરી જઇ ધર્મનો ઘાત કરે છે. ૬૧

મુખ્યપણે ઘણા જીવોનું કલ્યાણ વ્યવહારમાર્ગનું યથાવિધ સેવન કરતાંજ થાય છે. તેવો રાજમાર્ગ તજી જે છીંડીનો માર્ગ તાકે છે—આદરે છે તે સ્વપરને કષ્ટમાં પાડવારૂપ અનુચિત કાર્ય કરે છે. ૬૨

આવશ્યક સૂત્રમાં ભરતાદિકના આલંબન લઇ ક્રિયાકાંડ ઉત્થાપવા મના કરી છે, તેમજ જે શુભક્રિયા સંબંધી ફળનો સંદેહ ધરે છે તે બહુલ ભવીનાં લક્ષણ છે. નિકટ ભવી તો સંદેહ રહિત શુભ ક્રિયાને સેવે તેમજ અન્ય યોગ્ય જનોને પણ એવીજ શુદ્ધ શ્રદ્ધા કરાવે. ૬૩

## શુદ્ધાશુદ્ધ વ્યવહાર સંબંધી વિવેક.

ઉપર મુજબ વ્યવહાર પક્ષનાં વચન સાંભળી કોઇ એકમતવાદી એકાંત વ્યવહારનેજ આદરે છે, પરંતુ તે વ્યવહાર શુધ્ધ અને અશુધ્ધ એમ બે પ્રકારનો કહ્યો છે, એવો શાસ્ત્રનો મર્મ સમજતો નથી. એવો ખરો મર્મ હે પ્રભુ! આપથીજ-આપના સિધ્ધાંતથીજ પામીએ. આપજ ત્રિભુવનમાં દીપક સમાન છો. આપજ ખરા આધારભૂત છો. આપ ચીરંજીવો!

શાસ્ત્રમાં જેનો નિષેધ કરેલો નથી, અને અશઠ એવા ભવભીરૂ આચાર્યાદિકથી જે સેવિત છે તેજ શુદ્ધ વ્યવહાર બહુ બુધ્ધજનોવડે માન્ય થયેલો હોય છે. એવો વ્યવહાર અવશ્ય સેવ્ય છે. ૬૬

સ્વકપોલકલ્પિત હોવાથી જેવડે ભવ-સંસારનો પાર પામી શકાય નહીં એવો અંધપરંપરાવડે પોષાએલો અશુધ્ધ વ્યવહાર ત્યાજ્ય છે. ૬૭

પાસથ્થાદિક શિથિલાચારી સાધુઓએ જે કૂડાં આલંબન સેવ્યાં, જેવાં કે નિત્ય સ્થિરવાસ, ચૈત્યભક્તિ (દ્રવ્યપૂજા), સાધ્વીએ આણી આપેલાં વસ્ત્રાદિક લેવાં અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિષ્કારણ ઘી દૂધ દહીં વિગેરે વિગઈઓ વાપરવી એ સર્વ આચારણ સાધુપણાને શોભાકારી નથી. પણ દૂષણકારીજ છે, એમ જાણી જે તેવા આચારણથી વેગળા રહે તેમનુંજ કલ્યાણ છે. ૬૮

'નિર્બળ સંઘયણાદિકના દોષથી નિર્મળ ચારિત્ર તો પળી શકેજ નહીં' એમ કહી સ્વદોષને છુપાવી પાસથ્થાદિક કદાગ્રહને પોષે છે. ૬૯

**પંચાશક**માં શ્રીમદ્ હરિભદ્રસૂરિ સ્પષ્ટ જણાવે છે કે કાળ સંઘયણ વિગેરે કારણથી સાધુ ઉત્તર ગુણમાં હીનતા પામે, પરંતુ મૂળ ગુણને તો ગુરૂ મહારાજની આજ્ઞામાં વર્તી સાચવી શકે. ૭૦

દ્રવ્ય ભાવ પરિગ્રહના મોહ મમત્વને લીધે કેવળ લિંગધારી સાધુ કુમતિને વશ થઇ આપવડાઇ અને પરનિંદા કરતા ફરે છે, પણ વિષય કષાયાદિક પ્રમાદ તજવા કંઇ પણ ખપ કરતા જણાતા નથી. ૭૧

અજ્ઞાની એવા તે સ્વહિતની ઉપેક્ષા કરી શ્રધ્ધાભ્રષ્ટ બને છે, અને ચારિત્ર પાત્ર એવા મુનિજનોના સદ્ગુણ સાંભળી દુર્જનતાથી ખીજાય છે. ૭૨

તે પારકા લેશ માત્ર દોષ હોય તેને મેરૂ સમાન દાખવે છે, પાપી દુર્જનો સાથે ગોષ્ટિ કરે છે, અને સંતજનો સાથે અંતર રાખે છે. ૭૩

**ઉપદેશમાળા**માં જણાવ્યું છે કે જે સૂત્ર વિરૂધ્ધ માર્ગે ચાલે છે, ઉત્સૂત્ર પ્રરૂપે છે, અને ખાલી આપબડાઇ કરે છે તે અતિ આકરા મિથ્યામતિ છે. ૭૪

સામાન્ય ગૃહસ્થ પણ કંઇક પાપથી ડરતા રહે છે, અને સહસા વગર વિચાર્યું જુઠું બોલતા નથી; પરંતુ સાધુવેષ ધારીને જે હડહડતું જુઠું બોલે છે તે સ્વાર્થઅંધ બની પરમાર્થભ્રષ્ટ થયેલ હોવાથી કંઇ પણ પાપથી ડરતાજ નથી. ૭૫

જે નિઃશૂક-નિર્દયપણે છકાય (સર્વ જીવો)ની વિરાધના કરતા છતા સાધુવેષ રાખેછે તેમને ઉભય ભ્રષ્ટ થયેલા સમજવા. કેમકે તે મુનિમાર્ગથી પ્રગટપણે વિરૂદ્ધ વર્તે છે અને ગૃહસ્થધર્મ પણ પાળતા નથી; કેવળ નિર્ધનની જેવી તેમની સ્થિતિ દયામણી જણાયછે. ૭૬

સુસાધુ ભક્તિ, જિનપૂજા અને દાનાદિક શુભ કરણીને કપટરહિત કરતો શ્રાવક ઘણો સારો છે, પણ કપટ સહિત સાધુવેષ ધરનાર ભલો નથી; કેમકે દંભીને ધર્મ ક્યાંથી સંભવે? એમ સર્વજ્ઞ ભગવાન્ કહેછે. ૭૭

એવા વેષધારી કપટી સાધુ જે અશુધ્ધ વ્યવહાર પ્રવર્તાવે તે ધર્મ વિરૂધ્ધ જાણીને કદાપી આદરવો નહિંજ; અશઠ ગીતાર્થ પુરૂષોએ કથેલો અને સેવેલો શુધ્ધવ્યવહારજ સર્વથા સેવવા યોગ્ય છે. ૭૮

અપૂર્ણ.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमत् चिदानंदजीकृत

# प्रश्नोत्तर रत्नमाळा.

विवेचन संयुत.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી ).

અનુસંધાન પૃષ્ઠ ૮૧ થી,

૨૯ થી ૫૭ સુધીના ૨૯ પ્રશ્નોના ઉત્તર આ અંકમાં સમાવવામાં આવ્યા છે તે ઉત્તરની ગાથાઓ નીચે પ્રમાણે—

परभव साधक चतुर कहावे, मूरख जे ते बंध वढावे ;
त्यागी अचळराज पद पावे, जे लोभी ते रंक कहावे. ९.
उत्तम गुणरागी गुणवंत, जे नर लहत भवोदधि अंत ;
जोगी जस ममता नहिं रति, मन इंद्रि जीते ते जति. १०.
समता रस सायर सो संत, तजत मान ते पुरुष महंत ;
सूरवीर जे कंदर्प वारे, कायर कामआणा शिर धारे. ११.
अविवेकी नर पशु समान, मानव जस घट आतम ज्ञान ;
दिव्य दृष्टि धारी जिनदेव, करता तास इंद्रादिक सेव. १२.
ब्राह्मण ते जे ब्रह्म पिछाणे, क्षत्री कर्मरिपु वश आणे ;
वैश्य हाणि वृद्धि जे लखे, शुद्र भक्ष अभक्ष जे भखे. १३.
अथिर रूप जाणो संसार, थिर एक जिन धर्म हितकार ;
इंद्रि सुख छिल्लर जळ जाणो, श्रमण अतिंद्रि अगाध वखाणो. १४.
इच्छा रोधन तप मनोहार, जप उत्तम जगमें नवकार ;
संजम आतम थिरता भाव, भवसायर तरवाको नाव. १५.
छती शक्ति गोपवे ते चोर, शिवसाधक ते साध किशोर ;
अति दुर्जय मनकी गति जोय, अधिक कपट नारीमें होय. १६.

૨૯ પરભવ સાધક ચતુર કહાવે—બાળકને સ્તનપાનની સહજ વાસના પરભવની સિદ્ધિ કરી આપેછે તે અને તેની જેવા અનેક પૂરાવાથી પરભવની પ્રતીતિ કરીને આ ક્ષણિક દેહ તજ્યા બાદ જે પરભવમાં પોતાને અચુક પ્રયાણ કરવાનું છે તેને માટે પ્રથમથી શુભ સાધન કરી રાખવા બહુકટી રહે તેનેજ ખરો ચતુર સમજવો; કેમકે તે પોતાની ચતુરાઇનો સદુપયોગ પોતાનું હિત સાધવામાં કરેછે. વળી કેટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાક મુગ્ધજનો લોકરંજન કરવા માટેજ સ્વચતુરાઇ બતાવેછે પરંતુ તે તેનો સદુપયોગ નથી પણ દુરૂપયોગ છે.

**૩૦ મુરખ જે તે બંધ બઢાવે**—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, દુઃપ્રણિધાન કે રાગદ્વેષાદિક દોષો જેવડે જીવ વિવિધ કર્મબંધન કરી સંસારચક્રમાં ભમ્યાજ કરે છે તે આત્મગુણના વિરોધી દોષોને સેવનાર અને આત્મગુણને હણનાર આત્મદ્રોહી મૂર્ખ છે. 'બુદ્ધિ પામીને તત્ત્વનો વિચાર કરવો જોઇએ' એ મહાવાકયને અવગણી બુદ્ધિનો અવળો ઉપયોગ કરનાર દુર્બુદ્ધિ વિવેકહીન મૂર્ખજ ગણાય. દુર્લભ એવા માનવદેહને પામીને વીતરાગપ્રણીત વ્રતનિયમ પાળવા એ મહા વાકયની ઉપેક્ષા કરી તુચ્છ અને ક્ષણિક એવાં વિષયસુખમાંજ મગ્ન થઇ જવું તે મોટી મૂર્ખાઇ છે. લક્ષ્મી પામીને પાત્રદાનવડે તેનો લ્હાવો લેવો એ મહાવાકયનો મર્મ ભૂલી જઇ પામેલી લક્ષ્મી કેવળ એશઆરામમાંજ ઉડાવી દેવી અથવા કૃપણતા દોષથી તેના ઉપર ખોટી મમતાબુદ્ધિ રાખીને તેનો કંઇ પણ સદુપયોગ ન કરવો એ પણ મૂર્ખાઇ નહીં તો બીજું શું? અને જિહ્વા પામીને પરને પ્રીતિ ઉપજે એવું પ્રિય અને પથ્ય વચન બોલવું એ મહાવાકયને લોપી જેમ આવે તેમ જીભની લવરી કરવી એ ઉન્મત્તતા નહીં તો બીજું શું ? આ ઉપર જણાવેલાં મહાવાકયોમાંજ બહુધા બધો સાર સમાયેલો છે. જે તેનો સાર સમજીને તે મુજબ વર્તન કરે છે તેને સંસારચક્રમાં વધારે વખત રઝળવું પડતું નથી. તત્ત્વ રહસ્ય સમજીને તત્ત્વ શ્રદ્ધા નિશ્ચલ રાખી જે તત્ત્વરમણતા આદરે છે, એટલે કે જડ ચેતનને સારી રીતે સમજી લઇ સ્વચેતન દ્રવ્યમાં રહેલી અનંત અગાધ શક્તિ–સામર્થ્યની દૃઢ પ્રતીતિ કરી જે પોતાના આત્મામાંજ સત્તાગત રહેલી અનંત અપાર શક્તિને પ્રગટ કરવાની પવિત્ર બુદ્ધિથીજ વીતરાગ વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે તે ભાગ્યશાળી ભવ્ય જનને બહુ ભવભ્રમણ કરવું પડતુંજ નથી. પણ ઉપર જણાવ્યું તેથી અવળી રીતે આપમતિવડે જશ કીર્તિની ઇચ્છાથી કે ગતાનુગતિકતાથી કે બીજા કોઇ જાતના બદલાની ઇચ્છાથી દાનાદિક ધર્મક્રિયા કરે છે તે મૂર્ખ આત્મહિત સાધી શકતો નથી, માટે મોક્ષાર્થી જનોએ જે કંઇ ધર્મ અનુષ્ઠાન કરવું તે કેવળ આત્મ કલ્યાણ હેતેજ કરવું. કેમકે એવા પવિત્ર આત્મલક્ષથી આત્મા નિર્મળ થાય છે અને વિપરીત લક્ષથી આત્મા મલીન થાય છે, એમ સમજી વિવેકબુધ્ધિવડે વિચારી સ્વહિત આદરવું.

**૩૧ ત્યાગી અચળ રાજપદ પાવે**—સદ્વિવેકવડે તત્ત્વાતત્ત્વનો નિશ્ચય કરી જે સત્ પુરૂષ તજવા યોગ્ય તજી દે છે અને આદરવા યોગ્ય આદરી લે છે, તે અંતે અવિચળ એવી મોક્ષપદવીને પામે છે. જે કારણો સેવવાથી જીવને નાહક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવભ્રમણ કરી અનંત દુઃખ સહેવાં પડે છે તે બધાં કારણો તજવા યોગ્ય છે, અને જે કારણો સેવીને જીવ સર્વ કર્મબંધનથી મુક્ત થઈ અંતે પરમપદને પામે છે તે સેવ્ય છે. મતલબ કે સર્વ પાપસ્થાનકો સમજીને પરિહરવા યોગ્ય છે, અને વિતરાગ સર્વજ્ઞકથિત સર્વ ગુણસ્થાનકો અનુક્રમે સેવવા યોગ્ય છે. એમ વિવેકયુક્ત ત્યાગ–વૈરાગ્યને સેવનાર અનુક્રમે અક્ષય સુખનો ભોગી થઇ શકે છે. પોતપોતાના અધિકાર મુજબ ધર્મસાધન કરી અનુક્રમે ઉંચી પાયરી ઉપર ચઢનાર સુખે સ્વઉન્નતિને સાધી અક્ષય અબાધિત સુખને પામી શકે છે.

૩૨ **જે લોભી તે રંક કહાવે**—ગમે તેટલી ભોગસામગ્રી પ્રાપ્ત થયાં છતાં જે લોભાંધ થઇ અધિકાધિકની તૃષ્ણા કર્યા કરે છે તેજ ખરેખર દીન–દુઃખી છે, અને પ્રાપ્ત સામગ્રીમાં સંતુષ્ટ રહી જે પ્રસન્નતાથી પરભવને માટે સત્ સાધન સેવવા ઉજમાળ રહે છે તેજ ખરેખર સુખી છે. '**न तृष्णा परो व्याधिः न तोषात् परमं सुखम्**' એ બે મહા વાક્યો ઉપરની વાતને પુરેપુરો ટેકો આપે છે. એમ સમજી શાણા જનોએ સંતોષવૃત્તિ ધારવી ઉચિત છે.

૩૩ **ઉત્તમ ગુણરાગી ગુણવંત,જે નર લહત ભવોદધિ અંતઃ**—જે પોતે સદ્ગુણી છતાં બીજા સદ્ગુણીનો રાગી હોય છે તેવો પુરૂષ જલદી સંસારનો અંત પામી શકે છે. જે પોતે ગુણી હોઇ બીજાના સદ્ગુણોને સહન કરી શકતા નથી અને તેથી તેમના ઉપર અકૃત્રિમ પ્રેમ ધરવાને બદલે દ્વેષ ઈર્ષા કે મત્સર ધારણ કરે છે તે પોતે સ્વગુણથી ચ્યુત (ભ્રષ્ટ) થઇને ભવ અટવીમાંજ ભટકે છે. મતલબ કે દ્વેષ દોષથી ગમે તેવા ગુણ વિણસે છે અને ઉત્તમ ગુણાનુરાગથી ગુણહીન પણ ઉન્નતિને પામે છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે ૧૮ પાપસ્થાનકની સઝાય પૈકી દ્વેષની સઝાયમાં દ્વેષદોષથી થતી મહા હાનિ અને ગુણાનુરાગથી થતો એકાંત આત્મલાભ સારી રીતે સમજાવેલ છે; તેથી તે સંબંધી વિશેષ મનન કરી કૃષ્ણ વાસુદેવની પેરે સદ્ગુણ ગ્રાહી થવાનો ખપ કરવો ઉચિત છે.

૩૪ **જોગી જસ મમતા નહિ રતિ**—જેને રંચમાત્ર પણ પર પુદ્ગલિક વસ્તુમાં મમતા વર્તતી નથી તેજ ખરા જોગી કહેવાય છે. ઉત્તમ પ્રકારના યોગબળથી જેમણે મમતા ગાળી નાખી છે તેજ મોક્ષના અધિકારી થઈ શકે છે. મમતા મૂર્છા એજ ખરેખર પરિગ્રહ રૂપ છે, અને પરિગ્રહવડે ઉન્મત્ત બનેલા બાપડા જીવોની કેવળ દુર્દશાજ થાય છે; તેમાં પણ જે સાધુવેષ ધારીને પરિગ્રહને ધારે છે તેમની તો સર્વત્ર મહા વિટંબના થાય છે. કેમકે તે સાધુના વેષે જગતને ઠગે છે એટલે ધર્મઠગ બની જગતને લૂંટે છે અને સર્વજ્ઞ ભગવાનની પવિત્ર આજ્ઞાનો ભંગ કરે છે. સર્વજ્ઞ ભગવાને સાધુને દ્રવ્યભાવથી નિગ્રંથપણું ધારવા ફરમાવેલું છે. દ્રવ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી સુવર્ણ વિગેરે અને ભાવથી મૂર્છા પરિહરવા પ્રભુએ ફરમાવેલું છે, તે મુજબ પ્રતિજ્ઞા કર્યા છતાં પુનઃ પ્રતિજ્ઞાભ્રષ્ટ થઇ મમતા ધારવી એ અત્યંત અનુચિત છે. કહ્યું છે કે "મમતા થિર સુખ શાકિની, નિર મમતા અનુકૂળ; મમતા શિવપ્રતિકૂળ હૈ, નિરમમતા અનુકૂળ "

૩૫ **મન ઇંદ્રિ જીતે તે જતિ**—મનને અને ઇંદ્રિયવર્ગને વશ કરી વીતરાગ પરમાત્માએ ફરમાવેલી દશ શિક્ષાને સારી રીતે સમજીને જે આરાધે છે તેજ ખરા યતિ છે, અને એથી ઉલટા ચાલી એટલે મનને અને ઇંદ્રિયોને મોકળાં મુકી જે કેવળ સ્વચ્છંદપણે આજ્ઞા વિરૂદ્ધ વર્તે છે તે તો કેવળ યતિનામને કલંક લગાડનાર છે, એમ ચોક્કસ જાણવું. જે ઉત્તમ પ્રકારની દશ શિક્ષા સર્વજ્ઞ ભગવાને આત્માના એકાંત હિતને માટે ફરમાવેલી છે તે આ પ્રમાણે છે—

૧ ક્ષમાગુણ ધારી સહનશીલ થવું. ૨ મૃદુતા--કોમળતા આદરી સદ્‌ગુણી પ્રત્યે નમ્રતા ધારવી. ૩ ઋજુતા એટલે સરળતા આદરી નિષ્કપટવૃત્તિ સેવવી. ૪ લોભ તજીને સંતોષવૃત્તિ સેવવી. ૫ યથાશક્તિ બાહ્ય અભ્યંતર તપવડે આત્મવિશુદ્ધિ કરવી. ૬ સંયમ ગુણવડે આત્મ નિગ્રહ કરવો અને સર્વ જંતુઓને આત્મા સમાન લેખી કોઇના પ્રતિ પ્રતિકૂળ આચરણ નજ કરવું. ૭ પ્રિય અને પથ્ય એટલે હિતકારી એવુંજ સત્ય વચન બોલવું. ૮ અન્યાયાચરણ તજીને પ્રમાણિકપણે એટલે શુદ્ધ અંતઃકરણથી વ્યવહાર સેવવો નહિ. ૯ મમતાદિક પરિગ્રહને અનર્થરૂપ સમજી-નિર્ધારી નિર્મમત્વપણું-નિસ્પૃહપણું સેવવું. ૧૦ મન વચન અને કાયાની પવિત્રતા જાળવી રાખીને ગમે તેવા વિષયભોગથી વિરક્ત રહેવું. ઉક્ત દશ મહા શિક્ષાને યથાર્થ રીતે અનુસરનાર યતિઓ જગતને મહા આશીર્વાદરૂપ છે, અને તે પરમ પવિત્ર માર્ગને ઉલ્લંઘી કેવળ આપમતિથી સ્વચ્છંદપણે ફરનાર યતિઓ તો જગતને કેવળ શ્રાપ રૂપજ છે.

૩૬ **સમતા રસ સાયર સો સંત**—રાગ દ્વેષ અને મોહજન્ય મમતાદિક વિકારોને તજી જે સદા સમતા રસમાં ઝીલ્યા કરે છે તેજ ખરેખર સંત પુરૂષો છે. એવા સમતાવંત સાધુઓ ખરેખર વિશ્વવંદ્ય છે. દુનિયામાં એવી કોઈ વસ્તુ નથી કે જેની તેમને ઉપમા આપી શકાય. તેથી તેવા સમતા—સેવધિ સંત સાધુજનો ઉપમાતીત કહેવાય છે. જ્ઞાનસારમાં કહ્યુંછે કે "જેમનો સમતારસ સ્વયંભૂ રમણ સમુદ્રની સાથે સ્પર્ધા કરે છે અને નિરંતર વૃદ્ધિ પામતો જાય છે એવા મુનીશ્વરોને જેની સાથે સરખાવી શકાય એવી કોઇ ઉપમા આ ચરાચર જગતમાં જણાતીજ નથી.તેમ છતાં ચંદ્ર, સૂર્ય, સાયર, ભારંડ પ્રમુખની જે ઉપમા આપવામાં આવે છે તે એકદેશીય સમજવી.

For Private And Personal Use Only

૩૭ **તજત માન તે પુરૂષ મહંત**—જે માન માનવીઓમાં સામાન્ય નિયમ મુજબ જોવામાં આવે છે, અને જેના યોગે જીવોને બહુધા જોખમમાં ઉતરવું પડે છે, તેમજ જેથી પરિણામે નરકાદિક દુર્ગતિમાં પણ જવું પડે છે. તે દુઃખદાયી માન—અભિમાનને તજે તે મ્હોટા મહંત પુરૂષ છે. અભિમાન તજવાનો ઉપાય નમ્રતાજ છે. જ્યાંસુધી આપણે પૂર્ણતા પામ્યા નથી, ત્યાંસુધી અભિમાન કેમ કરી શકાય? તેમજ પૂર્ણતાને પામેલાને અભિમાન કરવાની શી જરૂર હોય? મતલબ કે પૂર્ણને કે અપૂર્ણને અભિમાન કરવાનો અવકાશજ રહેતો નથી. તેમાં પણ જે તત્ત્વથી પૂર્ણતા પામેલા છે તે તો કદાપિ પણ અભિમાન કરતાજ નથી, એટલુંજ નહિ પણ અભિમાન તજીને નમ્રતા ગુણને સેવવાથીજ પૂર્ણતા પમાય છે, અને જે અપૂર્ણ છતાં અભિમાન—મિથ્યા અભિમાન સેવે છે તે પૂર્ણતા પામી શકતા નથી, એટલુંજ નહીં પણ હોય તે પણ હારીને પાયમાલ થઇ જાય છે. માટે સહુથી શ્રેષ્ઠ માર્ગ એ છે કે જેમ જેમ ગુણની વૃદ્ધિ થતી જાય તેમ તેમ નમ્રતાની વૃદ્ધિ થવી જોઇએ—જેમ જેમ નમ્રતા અધિક તેમ તેમ ગુણવૃદ્ધિમાં ગતિ શીઘ્ર અને જેમ જેમ તેમાં ખામી તેમ તેમ ગુણવૃદ્ધિમાં પણ ખામી સમજવી. 'લઘુતા ત્યાં પ્રભુતા' અને 'પ્રભુતાથી પ્રભુતા દૂર' એવો નિયમ છે. તેથીજ રાવણ અને દુર્યોધન જેવાના પણ બેહાલ થયા, અને રામચંદ્ર તથા પાંડવોનો અભ્યુદય થયો.

૩૮ **સૂરવીર જે કંદ્રપ વારે**—જે કામવિકારને નિવારે અને વિષયવાસનાને નિર્મૂળ કરે તેજ ખરેખર શૂરવીર એટલે બહાદુર છે, અને જે કામવિકારને વશ થઇ સ્વપર હિતથી ચૂકે છે તે ડરપોક યા કાયર છે. લાખો માણસની સામે રહી રણમાં યુદ્ધ કરનાર કઇક સુભટો હોય છે, પણ એક અબળા—સ્ત્રીના નેત્રકટાક્ષને [illegible] કામવિકારને [illegible] માટે છે અને અનેક સ્થળે માર તથા અપમાન પામે છે તેમજ પ્રાંત મલીન વાસનાથી મરીને નીચ ગતિમાં ઉત્પન્ન થાય છે. માટે દરેક સ્રીપુરૂષે કામવિકારને વશ કરી સ્વમર્યાદા સાચવવા સાવધાન રહેવું જોઇએ. કામવિકારને વશ કરનાર સ્રીપુરૂષનુંજ શીળરત્ન દીપી નીકળે છે. શીળરત્ન એજ મનુષ્યજાતનું ખરૂં ભૂષણ છે. સંતોષી સ્રી પુરૂષોજ શીળરત્નને આદરી શકે છે. પૂર્વે એવાં અનેક સ્રી—પુરૂષ રત્નો હતાં. તેમનાં પવિત્ર નામ અદ્યાપિ પર્યંત પ્રભાતમાં ગવાય છે. તેવા પવિત્ર સ્રીપુરૂષોનું અનુકરણ કરી મન વચન કાયાની શુદ્ધિથી શીળરત્ન સાચવવા અને અનુક્રમે વિષયવાસનાને નિર્મૂળ કરવા આત્માર્થી સજ્જનોએ યત્ન કરવો જોઇએ.

૩૯ **કાયર કામ આણા શિર ધારે**—વિષયવિકારને વશ થઇ વિવેક-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રત્ન ગમાવી નાંખી જે સ્વમર્યાદાથી ચૂકે છે તેજ કાયરનું લક્ષણ છે. આવા કાયર માણસો સ્વપરનું જીવન બગાડે છે. કામાંધ બની પોતેજ મર્યાદા મુકી બીજાને પણ ઉન્માર્ગે દોરે છે અને એમ કરીને ઉભયનો અધઃપાત કરાવે છે. કામાંધ બનેલી માતા પોતાના પતિને કે પુત્રને ગણુતી નથી. પોતાનો કલ્પિત સ્વાર્થ સાધવાને તેમના કિંમતી પ્રાણુને હરી લે છે, અને ગમે તેવા નીચ નાદાનની સાથે પણુ ગમન કરે છે. તેમજ કામાંધ બનેલો પુત્ર પોતાની કુળ મર્યાદાને મુકી માતા, ભગિની કે પુત્રીની સાથે પણુ ગમન કરતાં ડરતો નથી— તેને કાયર એટલા માટે કહીએ છીએ કે તે મૂર્ખ પોતાના પ્રબળ દોષના કારણુથી પોતાને ભવિષ્યમાં થનારી આપદાથી બચવાને કંઇ પણુ પુરૂષાર્થ ફોરવતો નથી. તેવા કામાંધ સ્રીપુરૂષોને પ્રબળ કામવિકારથી આ લોકમાં પણુ અનેક પ્રકારના અનર્થ સંભવે છે, અને ભવાંતરમાં નરકાદિકનાંમહા ત્રાસદાયક દુઃખની પરંપરા તેમને બહુ પેરે વેદવી પડે છે. તેમ છતાં મનુષ્યજન્મમાં સ્વપર હિત સાધી લેવાની સોનેરી તક ગમાવેલી પાછી મળી શકતી નથી. કદાચ ઘણેકાળે ઘણા કષ્ટે મનુષ્યજન્મ મળે તો પણુ સાંઢની જેમ સ્વચ્છંદપણે સેવેલા વિષયભોગથી પુષ્ટ થયેલી વિષયવાસના જાગૃત થતાંજ જેવોને તેવોજ જીવ વિષયવમળમાં પડી જાય છે, માટે જેમ બને તેમ સમજુ શાણા માણુસોએ ઉત્તમ સાધનવડે વિષય પાસથી છુટી નિર્વિકારીપણું પ્રાપ્ત કરવા પ્રબળ પુરૂષાર્થ ફોરવવા પુરતો પ્રયત્ન કરવો જોઇએ.

૪૦ **અવિવેકી નર પશુ સમાન**—જેનામાં વિવેક જાગ્યો નથી તેમજ જે વિવેકરત્ન પેદા કરવા પૂરતો પ્રયત્ન કરતા નથી તે મનુષ્ય છતાં પશુ જેવોજ ગણાય છે. કેમકે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ રૂપ સંજ્ઞા ચતુષ્ટય તો ઉભયને સમાનજ છે. જેથી કૃત્યાકૃત્ય, હિતાહિત, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગુણુદોષ યથાર્થ સમજી શકાય એવો વિવેક ઘટમાં પ્રગટ થાય તોજ મનુષ્યજન્મની સફળતા છે. પશુમાં પ્રાયઃ એવું વિજ્ઞાન હોઇ શકતું નથી, ત્યારે મનુષ્ય ધારે તો બુદ્ધિબળથી તત્ત્વાતત્ત્વનો વિચાર કરી, નિશ્ચય કરી અતત્ત્વને તજી તત્ત્વને ગ્રહણુ કરી શકેછે. જો બુદ્ધિબળ પામ્યા છતાં તેનો ઉપર કહ્યા મુજબ ઉપયોગ નહિ કરતાં નાના પ્રકારની વિષયવાસનાને પોષવા માટેજ તેનો અવળો ઉપયોગ કરવામાં આવે, તેમજ દુર્લભ માનવદેહ, લક્ષ્મી અને વાણીનો પણુ તેવોજ માઠો ઉપયોગ કરવામાં આવે તો તે પામેલી શુભ સામગ્રીને હારી જાયછે, અને તેવી શુભ સામગ્રી અન્ય જન્મમાં પણુ એવો ઉદ્યમ નહિં કરવાથી ફરી મેળવવી મુશ્કેલજ છે. માટે ઉત્તમ સ્રીપુરૂષોએ મોહ અજ્ઞાન અવિવેકને તજી જેમ બને તેમ શીઘ્ર સત્સંગ મેળવી નિર્મળ જ્ઞાન અને વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેક પ્રાપ્ત કરવા અચુક પ્રયત્ન સેવવો, જેથી આ માનવભવ સફળ થઇ શકે.

૪૧ **માનવ જસ થટ આતમજ્ઞાન**—જેના હૃદયમાં વિવેક જાગૃત છે તેજ ખરા માનવ છે. કેમકે તેમનોજ જન્મ સફળ છે. આત્મજ્ઞાનવડે સ્વપરનો, જડ ચૈતન્યનો, ત્યાજ્યાત્યાજ્યનો. કૃત્યાકૃત્યનો, હિતાહિતનો. ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો તેમજ ગુણદોષનો નિશ્ચય થઇ શકે છે. એવી રીતે તત્ત્વ નિશ્ચય થવાથી નિ-શંકપણે સ્વપર હિત સાધી શકાય છે, અને તેમાંથી ચલાયમાન નહિ થતાં સુખે સાધ્ય સિધ્ધિ મેળવી શકાય છે. આથી સમજી શકાશે કે આત્મહિત સાધવા માટે આત્મજ્ઞાન કેટલું બધું ઉપયોગી છે. આત્મામાં જે અનંતી શકિત સત્તાગત રહેલી છે તેની પૂરેપૂરી શ્રધ્ધા કરાવનાર આત્મજ્ઞાનજ છે, અને એવી દૃઢ આત્મ શ્રદ્ધા થતાંજ સત્તાગત રહેલી આત્માની અનંતી શકિતને વ્યકત (પ્રગટ) કરવાને નિઃશંકપણે સાધન ક્રમ સેવી શકાય છે, એટલે અનુક્રમે આત્મરમણતા યોગે અવિચળ એવું મોક્ષસુખ મેળવી શકાય છે.

૪૨, **દિવ્યદૃષ્ટિધારી જિન દેવ, કરતા તાસ ઇંદ્રાદિક સેવ**—જેણે રાગદ્વેષ અને મોહાદિક દોષોને દૂર કર્યા છે અને પરમ શાંત દશાનો જેમને સાક્ષાત્ અનુભવ થયો છે એટલે જેમને પરમ દિવ્ય દૃષ્ટિ પ્રગટ થઇ છે અને તેથી ઇંદ્રાદિક દેવો જેમની સેવા કરવા ઉજમાળ રહે છે એવા જિન અરિહંત તીર્થંકર ભગવાનજ ખરા દેવ છે, એટલે તેજ દેવાધિદેવ છે એવો નિશ્ચય થાય છે. એમ વિધિથી તત્ત્વ નિશ્ચય કરી કલ્યાણ અર્થી જનોએ ઉકત જિનેશ્વર ભગવાન આત્માની સંપૂર્ણ વિભૂતિનો સાક્ષાત્કાર કરવાને માટે દૃઢપણે (નિશ્ચયપણે) અવલંબન યોગ્ય છે. જેમને સંપૂર્ણ સ્વરૂપ સાક્ષાત્કાર થયેલ છે એવા જિનેશ્વર ભગવાનને અનન્ય ભાવે અવલંબનાર પણ આત્મ સાક્ષાત્કાર અનુભાવી શકે એમાં કંઇ આશ્ચર્ય જેવું નથીજ.

૪૩ **બ્રાહ્મણ જે તે બ્રહ્મ પીછાણે**—બ્રહ્મ જે પરમાત્મા તેનું સારી રીતે સમજે તે બ્રાહ્મણ; અથવા બ્રહ્મ જે જ્ઞાન-જ્યોતિ, તેમાંજ સ્નાનમાં નિમગ્ન રહે, અજ્ઞાનાચરણ ન કરે તે બ્રાહ્મણ; અથવા બ્રહ્મ તે બ્રહ્મચર્ય સંતોષાદિક સદ્ગુણો, તેમનું સદા સેવન કરે તે બ્રાહ્મણ. ઉપર કહેલા શબ્દ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચરણ એ ઉભય સેવવાથીજ બ્રાહ્મણ થવાય છે, જેમાં સમ્યગ્ જ્ઞાન પણ નથી. અને સમ્યગ્ આચરણ પણ નથી તે ખરો બ્રાહ્મણ નથી. આવા ઉત્તમ આશયથી અન્યત્ર કહ્યું છે કે 'સર્વ જાતિમાં બ્રાહ્મણો પણ છે. તેમ સર્વ જાતિમાં ચંડાળોમાં પણ છે; કે બ્રાહ્મણ જાતિમાં પણ ચંડાળો છે, અને ચંડાલોમાં પણ બ્રાહ્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



' ગઇ સો તો ગઇ ' હવે રહી તેની સંભાળ લેવાની છે તેમાં જેટલી ઉપેક્ષા એટલીજ ગંભીર હાનિ સમજી લેવાની છે. સમજુને વધારે શું કહેવું !

૪૬ **શુદ્ર ભક્ષ અભક્ષ જે ભખે**—જેને ભક્ષ્યાભક્ષ્યનો કંઇ પણ નિયમજ નથી. જે પરજીવોના કિંમતી પ્રાણનો વિનાશ કરી-કરાવીને રાક્ષસોની જેમ માંસ ભક્ષણ કરેછે, સુરાપાન કરેછે, મૃગયાની રમતમાં સંખ્યાબંધ જીવોનો સંહાર કરે, કરાવેછે અને એવાંજ અનર્થકારક કાર્યોમાં ક્ષણિક કલ્પિત સુખ-સ્વાર્થ ખાતર થતી પારાવાર જીવહિંસાની લગારે દરકાર કરતા નથી તેવા નીચ નાદાન જનોને જ્ઞાની પુરૂષો શુદ્ર જનોની કોટિમાંજ લખેછે. ઉત્તમ પુરૂષો તો સ્વપ્નમાં પણ પરજીવને પીડા કરવા ઇચ્છે નહિં.શાણા સજ્જન પુરૂષો તો સહુના પ્રાણ પોતાના પ્રાણ સમાન કે તેથી પણ અધિક લેખીને પોતાના પ્રાણથી પણ પરપ્રાણની અધિક રક્ષા કરેછે; અને તેથીજ તેઓ મિથ્યા મોજશોખને વશ નહિં પડતાં જેમ સ્વપરનું અધિક શ્રેય સધાય તેમ દિનરાત યત્ન કર્યા કરેછે.સજ્જન પુરૂષો કદાપિ પણ નીતિ-ન્યાય-પ્રમાણિકતાનો માર્ગ મૂકીને અનીતિ-અન્યાય-અપ્રમાણિકતાને આદરતાજ નથી અને તેમાંજ તેમની ઉત્તમતા સમાયેલી છે; ત્યારે શુદ્ર જનો પોતાના કલ્પિત તુચ્છ સ્વાર્થ ખાતર પરના પ્રાણ લેતા પણ ડરતા નથી. એવા અનાર્ય આચરણ કરનાર શુદ્ર જનો પોતાનો આ ભવ અને પરભવ બગાડેછે અને દુનિયાને શ્રાપ રૂપ થઇ અનેક અજ્ઞાની જનોને ઉન્માર્ગે ચઢાવી દુઃખભાગી કરેછે.

૪૭ **અથિર રૂપ જાણો સંસાર**—સંસાર, સંસારની માયા, સંસારનું સુખ માત્ર અથિર-અશાશ્વત છે, ક્ષણમાં એક ગતિમાં તો ક્ષણમાં બીજી ગતિમાં કર્મવશ જીવ ભટકયાજ કરેછે. નાથેલા બળદની જેમ જીવને કર્મ જ્યાં ખેંચી જાય ત્યાં જવુંજ પડે, તેમાં તેનું કંઇ ચાલે નહિં. એટલે કે કર્મવશ જીવોનો સંસારમાં અનિયત વાસ છે, તેમાં પણ જેવી મતિ તેવી ગતિ એ શાસ્ત્રવચનને અનુસારે સારી મતિથી શુભ કરણી કરનારની શુભ ગતિ-દેવ મનુષ્ય રૂપ થાયછે અને કુડી મતિથી અશુભ કરણી કરનારની માઠી ગતિ-નરક તિર્યંચરૂપ થાયછે. પણ જ્યાંસુધી તેના મૂળ રૂપ રાગ દ્વેષ મોહાદિક સમૂળગા ક્ષય પામ્યા નથી ત્યાંસુધી સંસારપરિભ્રમણ કરવુંજ પડેછે, અને ત્યાંસુધી વિકારને વશ થઇ સંસારની માયામાં મુંઝાય અને પરિણામે અતિ દુઃખદાયી એવા કલ્પિત ક્ષણિક સુખમાં સુખબુદ્ધિ રાખી મધુબિંદુના દ્રષ્ટાંતે તેમાં મુંઝાઇ મરે. આવી રીતે મોહવશ વિષયલાલસાના જોરથી એક ભવમાંથી બીજા ભવમાં અને બીજામાંથી ત્રીજા ભવમાં એમ ભવપરંપરા કરી પોતાનીજ ગંભીર ભૂલથી ભવચક્રમાં ભમ્યાજ કરેછે.

૪૮ **સિર્, એક જિન ધર્મ હિતકાર**—આ અસ્થિર સંસારમાં જો કંઇ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિર, સાર અને હિતકર વસ્તુ પ્રાપ્ત થઈ શકતી હોય તો તે જિનેશ્વર ભગવાને ભાખેલો ધર્મજ છે. મતલબ કે દરેક આત્મદ્રવ્યમાં જાતિવંત રત્નની જ્યોતિની જેમ સત્તાગત વ્યાપી રહેલો શુદ્ધ સનાતન જ્ઞાન દર્શન ચારિત્રાદિક ધર્મ સદા સ્થિર, સારરૂપ અને એકાંત હિતકર છે; તેમજ ઉક્ત આત્મધર્મને વ્યક્ત—પ્રગટ કરવા માટે સર્વજ્ઞ પરમાત્માએ નિર્મિત કરેલાં સાધન પણ પ્રવાહરૂપે સદા વિદ્યમાન વર્તે છે. નિર્મળ સ્ફટિક રત્નની જેમ આત્માનો મૂળ સત્તાગત સ્વભાવ નિષ્કષાય એટલે ક્રોધાદિક કષાય વર્જિત છે, પણ જેમ ઉપાધિ (ઉપર મુકેલાં રાતાં કાળાં ફૂલ) સંબંધથી સ્ફટિક પણ રાતું કાળું માલમ પડે છે, તેમ આત્મા પણ પુણ્યપાપના યોગથી રાગદ્વેષરૂપ પરિણામને પામે છે, એટલે સકષાયી જણાય છે. જેમ સ્ફટિક રત્ન ઉપર મુકેલ ફુલરૂપ ઉપાધિસંબંધ દૂર કરવાથી સ્ફટિક રત્ન જેવું ને તેવું ઉજ્વળ પ્રતીત થાય છે, તેમ આત્માની સાથે લાગેલાં પુણ્યપાપથી થયેલ રાગદ્વેષ રૂપ પરિણામને દૂર કરવાથી આત્મા નિર્મળ–નિષ્કષાય પ્રતીત થાય છે. જ્યારે આત્મા સર્વ ઉપાધિ સંબંધથી રહિત નિર્મળ–નિરાવરણ–નિષ્કષાય–નિર્વિકલ્પ બની રહે છે, ત્યારે તરંગ વિનાના રત્નાગરમાં રત્નની રાશિની જેમ અનંત જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક સદ્ગુણોનો સમૂહ આત્માના સંપૂર્ણ પ્રદેશમાં ઝળકી રહેલો વ્યક્ત પ્રગટ થાયછે. આત્મપ્રદેશમાં સદા સત્તાગત વ્યાપી રહેલા સદ્ગુણસમુદાયને જે રાગદ્વેષાદિક કર્મઆવરણ પ્રગટ થવા દેતા નથી તે રાગદ્વેષાદિકને સમૂળગા દૂર કરવા સદાસાવધાનપણે સર્વજ્ઞદેશિત સત્ સાધનોને સેવવા–સદુદ્યમ કરવો એજ આત્માર્થી સજ્જનોનું મુખ્ય કર્તવ્ય છે, અને એજ જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલી શુદ્ધ સનાતન શૈલી છે.

૪૯ **ઇંદ્રિસુખ છિલ્લર જળ જાણો**–જેમ એક મહાસાગર અથવા અગાધ જળવાળા સરોવર પાસે છિલ્લર જળવાળું ખાબોચીયું કંઈ હીસાબમાં નથી, તેમ શુદ્ધ નિષ્કષાય આત્માના અતીંદ્રિય સ્વાભાવિક સુખ પાસે ઇંદ્રિયજન્ય વિષયસુખ ફક્ત ખાબોચીયા જેવું અલ્પ અને તુચ્છ છે એમ જાણવું. આત્માનું શુદ્ધ સ્વાભાવિક સુખ નિરૂપાધિક–ઉપાધિવર્જિત છે ત્યારે ઇંદ્રિયજન્ય સુખ સોપાધિક એટલે ઉપાધિયુક્ત છે. આત્માનું સહજ સુખ નિર્વિકલ્પરૂપ છે, અને ઇંદ્રિયસુખ સવિકલ્પરૂપ છે. આત્માનું સુખ સ્થિર–ચિરસ્થાયી છે અને ઇંદ્રિયસુખ અસ્થિર ક્ષણિક છે. આત્માનું સુખ સંપૂર્ણ છે, અને ઇંદ્રિયસુખ અપૂર્ણ છે. આત્માનું સુખ અકૃત્રિમ છે અને ઇંદ્રિયસુખ કૃત્રિમ–કલ્પિત છે. આત્માનું સુખ એકરૂપ છે અને ઇંદ્રિયસુખ નાના રૂપ છે, તેમજ આત્મસુખ શાશ્વત છે, અને ઇંદ્રિયસુખ ઉછીનું છે. ઉક્ત ઉભય જાતના સુખમાં આવો પ્રગટ પટાંતર સમજીને આત્માર્થી સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનોએ આત્માનું સહજ શુદ્ધ અખંડ અક્ષય નિર્વિકલ્પ નિરૂપાધિક અકૃત્રિમ એકાંત અજરામર એવું શાશ્વત સુખ સંપ્રાપ્ત કરવા માટેજ અહોનિશ ઉદ્યમ કરવો ઘટે છે. ઇંદ્રિયસુખનો મોહ તજી મનને સ્થિર કરવાથી તે મેળવવું સુલભ છે.

૫૦ **શ્રમણ અતિંદ્રિ અગાધ વખાણ્યો.**—શ્રમણ કહીએ તપસ્વી મુનિરાજ તેમનાવડે અનુભવાતું જે સહજ અતીંદ્રિય આત્મિક સુખ તેજ ખરેખર અગાધ—અપાર-નિઃસીમ છે અને ઇંદ્રિયજન્ય વિષયસુખના આશી એવા અવિરતિ જનોનું ક્ષણિક અને કલ્પિત સુખ તે છિલ્લર જળ સમાન અલ્પ અને તુચ્છ છે એમ ઉભયને પરસ્પર સરખાવતાં સમજાશે. એમ સમજી ઉભયમાં જે અધિક હિત-કર પ્રતીત થાય તેવા સુખને માટેજ ઉદ્યમ કરવો ઉચિત છે.

૫૧ **ઇચ્છારોધન તપ મનોહાર.**—ભિન્ન ભિન્ન વિષયોમાં અટન કરતી ઇંદ્રિયોને અને મનને દમી તે તે વિષયોમાં થતા રાગદ્વેષાદિક વિકારોને નિવારવા માટે આત્મનિગ્રહ કરવો એજ ખરેખર સુંદર મનોહર તપ છે, અને ફકત અનિષ્ટ વિકારોને વારવા માટેજ સમર્થ જ્ઞાની પુરૂષોએ નાના પ્રકારના બાહ્ય અને અભ્યંતર તપ કરવા ઉપદેશ આપેલો છે, એ ઉભય પ્રકારના તપનું સ્વરૂપ વિસ્તાર પૂર્વક અનેક સ્થળે બતાવેલું છે, ત્યાંથી સમજી બની શકે તેટલો તેનો આદર કરવા યત્ન કરવો જરૂરનો છે. તપથી વિકાર માત્ર બળી જાય છે, અનેક પ્રકારની લબ્ધિઓ અને સિદ્ધિઓ સંપજે છે, તેમજ પરિપૂર્ણ કર્મમળનો ક્ષય કરીને આત્માને ઉજ્વળ કરી અક્ષય અનંત એવા શાશ્વત મોક્ષસુખનો ભોકતા બનાવે છે, માટેજ તેમાં પૂર્ણ પ્રયત્ન કરવો જરૂરનો છે.

૫૨ **જપ ઉત્તમ જગમાં નવકાર.**—જેથી ઉત્તમ કોટિવાળા આત્માનું સંસ્મરણ થાય તે જપ કહેવાય. તેવો જપ જગત્‌માં નવકાર મહામંત્ર જેવો કોઇ બીજો ઉત્તમ નથી, કેમકે નવકાર મહામંત્રમાં અરિહંતાદિક પંચ પરમેષ્ઠીનો સમાવેશ થાય છે, તેમાં જે અરિહંત અને સિદ્ધ ભગવાન અનંતગુણના આકર છે. આચાર્ય મહારાજ નિર્મળ અખંડ બ્રહ્મચર્યાદિક ૩૬ ગુણોવડે, ઉપાધ્યાય મહારાજ ઉત્તમ પ્રકારના વિનય સહિત સત્‌શાસ્ત્રના પઠનપાઠનાદિરૂપ ૨૫ ગુણોવડે અને મનુષ્યલોકવર્તી નિગ્રંથ મુનિસમુદાય અહિંસાદિક ઉત્તમ ૨૭ ગુણોવડે જગત્‌ત્રયને પાવન કરે છે, તેમનો સમાવેશ થાય છે, તેમજ જે અનંત જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક ધર્મવડે અરિહંતાદિક વિભૂષિત છે તેવા શુદ્ધ આત્મધર્મનો પણ નવકાર મહામંત્રમાં સહેજે સમાવેશ થાય છે. માટેજ આત્મ સાક્ષાત્‌કાર કરવા પ્રબળ ઇચ્છાવાળા ભવ્યજનોએ ફકત મહામંત્ર વારંવાર જપવા યોગ્ય છે; એથી આત્માની શીઘ્ર ઉન્નતિ સાધી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૫૩ સંજમ આતમ થિરતા ભાવ, ભવસાયર તરવા કો નાવ**—આત્મપ્રદેશમાં રત્નજ્યોતિની જેમ સહુજે વ્યાપી રહેલા જ્ઞાન દર્શન ચારિત્રાદિક સદ્‌ગુણસમુદાય, તેમાંજ અકૃત્રિમ પ્રેમભાવે રમણ કરવું તેજ **સંયમ** છે. જેમ બોટવડે ભવસાગર સુખે તરી શકાય છે તેમ ઉકત સંયમને સેવવાવડે આત્મા સુખે જન્મ જરા અને મરણ સંબંધી અનંત અને અગાધ દુઃખરૂપ જળથી ભરેલા આ સંસારસમુદ્રનો પાર પામી શકે છે. હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહથી નિવર્તી ઇંદ્રિયો ઉપર કાબુ રાખી, મન વચન અને કાયાના કુત્સિત (માઠા) વ્યાપારને તજી, અહિંસાદિક ઉત્તમ સાધનસંતતિને પરમાર્થ ભાવે સેવવી, એ આત્મસ્થિરતારૂપ સંયમગુણની આરાધના માટેજ છે અને તેથીજ ભવસમુદ્રને તરી મોક્ષપુરીમાં પહોંચવું સુલભ થાય છે; એથી વિપરીત હિંસા અસત્યાદિક **અસંયમ**ને અનન્યભાવે સેવવાથી આત્મભાવ અત્યંત અસ્થિર થઈ મલીનતાને પામે છે, અને તેથી તે અરહટઘટિકાના ન્યાયે ભવચક્રમાં ભટકયાજ કરે છે.

**૫૪ છતી શક્તિ ગોપવે તે ચોર.**—ઉકત સંયમ ગુણને સેવવા માટે અને અસંયમથી નિવર્તવા માટે જે પોતાની છતી શકિતનો સદુપયોગ ન કરે, તેનો ગેરઉપયોગ કરે તેજ ખરેખર ચોર સમજવો. લોકપ્રસિદ્ધ ચોર અન્યને અંધારામાં છેતરી પરદ્રવ્ય સંહરે છે, અને તે ગુપ્ત સ્થળે ગોપવે છે, અને આ આત્મચોર તો પોતાનાજ અંતઃકરણને છેતરી આત્મસાધનની અમૂલ્ય તકથી પોતાનેજ વંચિત રાખીને અજ્ઞાનવડે પોતે પોતાનુંજ સર્વસ્વ ગુમાવી દે છે, અને તે અમૂલ્ય તક ગુમાવી દીધાથી પુનઃ મહાપરિશ્રમે પણ તે ખોટને પૂરી પાડી શકતો નથી. આનું નામ આત્મવંચકતા.

**૫૫ શિવસાધક તે સાધકિશોર.**—પ્રમાદ તજી અપ્રમત્તપણે સિંહની જેમ શૂરવીર થઇ સંયમ આચરણવડે જે મોક્ષમાર્ગ સાધે છે તેજ ખરા સાધુની ગણનામાં આવે છે. બાકી સાધુવેષ ધારણ કરી પવિત્ર સંયમાચરણ સેવવાને બદલે જે અસંયમવડે વેષવિડંબના કરે છે તે સાધુનામને કલંકિત કરે છે. ઉત્તમ પુરૂષો જે જે પ્રતિજ્ઞા કરે છે તેનો પ્રથમથીજ પુરતો વિચાર કરી જેનો સુખે નિર્વાહ થઇ શકે એમ હોય તેવીજ પ્રતિજ્ઞા પોતે અંગીકૃત કરે છે, અને તે પ્રાણાંત સુધી પાળે છે, તેમાં કદાપિ પણ પાછી પાની કરતા નથી; તેવી રીતે સકળ મુમુક્ષુ જનોએ સંયમ પાળવારૂપ જે પ્રતિજ્ઞા પોતે સંઘ સમક્ષ અંગીકૃત કરી છે તેનો વિવેકથી જીવિત પર્યંત નિર્વાહ કરવો, તેમાં લગારે પ્રમાદ ન કરવો એ તે મહાશયોનું મુખ્ય કર્તવ્ય છે, અને એમાંજ સ્વપરનું હિત સમાયલું છે.

**૫૬ અતિ દુર્જય મનકી ગતિ જોય**—જેમ બધી ઇંદ્રિયોમાં જિહ્વા ઇં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રિય જીતવી મુશ્કેલ છે, સર્વ વ્રતોમાં જેમ બ્રહ્મચર્ય પાળવું દુષ્કર છે, તેમ યોગમાં મનયોગ જીતવો કઠણ છે. મન જીતવું કઠણ છે, એ વાત ખરી પણ તેને જીતવાના શુભ ઉપાયો શાસ્ત્રમાં બતાવેલા છે, તેનો ગુરૂગમ્ય બોધ મેળવીને મનને સ્થિર કરવા પ્રયત્ન કરવો જરૂરનો છે. પારાની જેવા ચપળ મનને મારવા માટે બહુ પુરૂષાર્થની જરૂર છે, અને તેનું ફળ પણ કંઇ ઓછા મહત્ત્વનું નથી. કહ્યું છે કે "**મન પારદ મૂર્છિત ભયે, અંતરંગ ગુણવૃંદ; જાગે ભાવ નિરાગતા, લગત અમૃતકે બિંદ.**" એટલે મનરૂપી પારો, નિરાગતારૂપી અમૃતનો સ્પર્શ થતાં મૂર્છિત થઇ જ્યારે મરી જાય છે ત્યારે આત્માના અંતરંગ ગુણનો સમુદાય સજીવન થાય છે. મતલબ કે મનનો પુરો જય કરવાથીજ સકળ સદ્ગુણો પ્રગટ પ્રાપ્ત થઇ શકે છે. તેથીજ અતિ ચપળ મનને વશ કરવાની આવશ્યકતા સિદ્ધ થાય છે. વળી કહ્યું છે કે મનને મારવાથી ઇંદ્રિયો સ્વતઃ વશ થાય છે, અને તેમ થવાથી કર્મશત્રુઓનો ક્ષય થઈ જાય છે, માટે મનનેજ મારવું જરૂરનું છે. વળી **મન જીત્યું તેણે સઘળું જીત્યું** એમ આનંદઘનજી કહે છે, આથી વધારે શું જોઇએ ?

૫૭ **અધિક કપટ નારીને હોય**—પુરૂષ કરતાં સ્ત્રીજાતિમાં સ્વાભાવિક રીતે અધિક કપટ હોય છે. આ એક સામાન્ય નિયમરૂપે વાત છે, બાકી તો અપવાદરૂપે પુરૂષથી પણ ન્યૂન કપટવાળી અથવા નિષ્કપટ પ્રવૃત્તિવાળી સ્ત્રીઓ પણ મળી આવે એ વાત સુસંભવિત છે. કપટબહુલ સ્ત્રીઓનાં ચરિત્ર નોંધવા જવા પડે તેમ નથી. કેમકે એવાં ચરિત્રોવાળી સ્ત્રીઓજ બહુધા નજરે પડે છે, તેમજ શાસ્ત્રથી પણ એ વાતને પુષ્ટિ મળે છે. તેવીજ પુષ્ટિ શાસ્ત્રથી અપવાદરૂપે ગાયેલી સ્ત્રીઓ માટે પણ મળે છે, પરંતુ એનો પ્રગટ પુરાવો મળે એવી નિષ્કપટ આચરણને સેવનારી સ્ત્રીઓ અત્યારે ભાગ્યેજ મળી શકે છે. તેવો પ્રગટ પુરાવો નહિ મળવાનું અથવા બહુજ ઓછો મળવાનું કારણ સ્ત્રીઓનો જાતિસ્વભાવજ જણાય છે. કહ્યું છે કે 'અસત્ય ભાષણ, સાહસ ખેડવું, માયા-કપટ સેવવું, મૂર્ખપણું-અજ્ઞાનાચરણ, અતિ લોભ-તીવ્ર વિષયાભિલાષ, નિર્દયતા (વિષય ભોગરૂપ સ્વાર્થમાં અંતરાય થતાં સ્વાર્થ સાધવા માટે હૃદયની કઠોરતા) અને અશુચિતા-અપવિત્રતા એ ગણાવેલ દોષો સ્ત્રીજાતિમાં સ્વાભાવિક હોય છે. ઉક્ત બાબતમાં અપવાદરૂપે પ્રાયઃ એવીજ ઉત્તમ સતીઓ કે મહાસતીઓ હોઈ શકે કે જે ઉત્તમ પ્રકારની શીલ સંપત્તિથી વિભૂષિત છે, તેમજ જેમણે સ્વપતિમાં કે સ્વગુરૂમાંજ સર્વસ્વ આરોપેલું છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नवाणु यात्रानो अनुभव.

( અનુસંધાન પૃષ્ઠ ૯૩ થી ).

એ તીર્થજળનો પ્રભાવ અચિંત્ય છે. તેનું આંતરિક ફળ તો લખી શકાય તેમ નથી. બાકી બાહ્ય ફળ પણ બહુ ઉત્કૃષ્ટ છે. શાંતનુ રાજાએ પુત્રો સહિત શત્રુંજયામાં સ્નાન કરવાથી પૂર્ણ લાભ મેળવ્યો છે, અને ચંદરાજાએ સૂર્યકુંડના જળથી તિર્યંચપણું ત્યજી દઇ મનુષ્યપણું પ્રાપ્ત કર્યું છે.

૧૧ સ્નાન કરી શક્તિના પ્રમાણમાં શ્રેષ્ઠ વસ્ત્રો પહેરી પૂજાનાં ઉપકરણો મેળવવાં; તેમાં ખાસ સૂચના પુષ્પમાળાના સંબંધમાં કરવાની છે. પુષ્પોને સોયવડે વિંધીને તેના હાર બનાવવામાં આવે છે એ ક્રિયા શાસ્ત્ર વિરૂદ્ધ છે. પ્રત્યક્ષપણે જીવવિરાધના—જીવને થતી કિલામણા નજરે જોવામાં આવે છે. વળી સડેલાં, ખરેલાં, બગડેલાં પુષ્પો હારની અંદર સહેલાઇએ સમાવી દેવામાં આવે છે. આ સંબંધમાં આ માસિકમાં શાસ્ત્રાધાર સાથે ખાસ લેખ લખવામાં આવેલ છે. માટે એવા હાર ન ચડાવતાં કાચા સૂત્રવડે શિથિલ બંધનથી ગુંથેલા હારો ચડાવવા અથવા છુટાં પુલો લઇને જિનબિંબ ઉપર સુશોભિત લાગે તેમ ગોઠવવાં.

૧૨ પૂજાનાં ઉપકરણો લઈને પૂજા કરવા જતાં મૂળનાયકજીની પૂજા કરવામાં માણસોની પુષ્કળ ગીરદી હોવાથી વિવેક જળવાતો નથી. માટે તે નિમિત્તે ધમાધમ કે ઉતાવળ ન કરવી, સ્ત્રીપુરૂષોના સમૂહમાં ન ઘુસવું; પરંતુ શાંતિનો સમય હોય ત્યારે મૂળનાયકજીની પૂજાભક્તિ કરવી.

૧૩ ધૂપપૂજા કરનારા અજ્ઞાન બંધુઓ અગરવાટ સળગાવીને પ્રભુના મુખ સુધી લઇ જાય છે, જેથી તેની રક્ષા (રાખ) પણ પ્રભુની ઉપર ખરે છે; પરંતુ ખરી રીતે તો અગ્ર પૂજા ગર્ભગૃહ (ગભારા)ની બહારથીજ કરવા યોગ્ય છે. વળી પ્રભુને ધૂમાડો આપવાનો નથી, પરંતુ ધૂપની સુગંધ આપવાની છે, તે તો છેટે રહીને ધૂપ કરવાથી સહેજે બની આવે તેમ છે; માટે અગરવાટ લઈને પૂજા કરવાની જગ્યાએ ઉપર તો નજ ચડવું.

૧૪ મુખ્ય વૃત્તિએ તો દરેક બિંબની પૂજા કરવી એ આપણું પોતાનું કામ છે, નોકરવર્ગનું કામ નથી, છતાં બધાં બિંબની પૂજા કરવામાં પહોચી ન શકાવાથી નોકરવર્ગથી કામ લેવામાં આવે છે; પરંતુ તેનાપર પૂરતું ધ્યાન આપવાની જરૂર છે. પ્રભુના શરીર કે મુખ ઉપર કર્કશ સ્પર્શવાળી વાળાકુંચીનો નકામો ઉપયોગ કરવો નહિ; માત્ર કોઇ જગ્યાએ કેશર ભરાઈ રહ્યું હોય તો ત્યાંજ તેનો ઉપયોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો. પ્રભુને પખાળ થયા બાદ તરતમાંજ અંગલુહણા કરવા, પાણી સૂકાઈ જવા દેવું નહિં, અને સુગંધી તેમજ શોભિતા કેશરવડે ક્રમસર નવે અંગે પૂજા કરવી. આ બધી હકીકત તે કાર્યમાં જોડેલા ગોઠીઓના ધ્યાનપર લાવવી અને તેનો બરાબર ઉપયોગ થાય છે કે કેમ તેને માટે પૂરતી દેખરેખ રાખવી.

૧૫ નવાણુ યાત્રા કરનાર એક વખત આ તીર્થે અવશ્ય ડુંગરપૂજા કરે છે. તે હકીકત કર્તવ્ય તરીકે પ્રથમ લખાઈ ગઈ છે; પરંતુ તેમાં ખાસ ઉપયોગ એ રાખવાનો છે કે માર્ગમાં પર્વતના કોઈ કોઇ ભાગ ઉપર જળવડે પાષાણુ ધોઈ, તેનાપર કેશર ચંદન લગાવી, રૂપાનો વરગ છાપી, પુષ્પો મુકવામાં આવે છે. આ ક્રિયા થઇ રહ્યા પછી બે ઉપદ્રવો થાય છે. એક તો તદ્દન ખુલ્લી જગ્યામાં આ પૂજા કરેલી હોવાથી સૂર્યની ગરમી લાગતાં પુષ્પ તમામ કરમાઇ જઇ તેનો વહેલો વિનાશ થાય છે. બીજું જળની અંદર નાખેલા દુધથી ત્યાં કીડીઓ પુષ્કળ થાય છે, અને તે તે દિવસે તેમજ બીજે દિવસે ઉપયોગ રહિત ચાલનારા યાત્રાળુઓના પગ નીચે કચરાઇ જાય છે. માટે આ બંને પ્રકારની વિરાધના ન થવા સારૂ ચાલવાના રસ્તાની બાજુમાં કુદરતી રીતે પર્વત સાથે જોડાએલ કોઇ પથ્થર કે જે વૃક્ષાદિકની છાયામાં હોય તેનાપર જળવડે સ્નાત્રાદિક સર્વ કરવું, જેથી વાસ્તવિક ડુંગરપૂજા થશે અને વિરાધનાનું કારણ રહેશે નહીં.

ઉપર જણાવ્યા શિવાય બીજી પણ નાની મોટી અનેક સૂચનાઓ જુદે જુદે વખતે ધ્યાનમાં આવે છે તો તે પ્રસંગોપાત્ પ્રગટ કરશું.

## સિદ્ધગિરિનું પ્રમાણ.

ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્ર આશ્રી કાળનું અનવસ્થિતપણું છે, તેની અંદર એક કાળચક્રમાં એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણીનો સમાવેશ થાય છે. ઉત્સર્પિણીમાં સર્વ ભાવ વૃદ્ધિ પામે છે અને અવસર્પિણીમાં હાનિ પામે છે. તે બંનેના છ છ આરા ( વિભાગ ) હોય છે. આ સિદ્ધાચળ પ્રાયે શાશ્વત હોવાથી સર્વકાળે એક સરખો રહેતો નથી. તેનું પ્રમાણ ઉત્સર્પિણીમાં વધતું આવે છે અને અવસર્પિણીમાં ઘટતું આવે છે. હાલમાં અવસર્પિણી કાળ વર્તે છે. તેના છ આરામાં આ ગિરિરાજનું પ્રમાણ નીચે પ્રમાણે કહેલું છે—

| | | | |
|---|---|---|---|
| પહેલા આરામાં | વિસ્તારમાં ૮૦ યોજન. | ચોથા આરામાં | ૫૦ યોજન. |
| બીજા આરામાં | ,, ૭૦ યોજન. | પાંચમા આરામાં | ૧૨ યોજન. |
| ત્રીજા આરામાં | ,, ૬૦ યોજન. | છઠ્ઠા આરામાં | ૭ હાથ. |

પાંચમા આરાને અંતે આ ભરતક્ષેત્રની બીજી સર્વે અશાશ્વત વસ્તુઓ વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ પામશે ત્યારે પણ આ તીર્થ ૭ હાથ પ્રમાણ રહેશે, તે પ્રમાણ ઉત્સર્પિણીમાં ઉપરનાજ ક્રમથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જશે.

ઉપર બતાવેલું પ્રમાણ માત્ર તેના ભૂમિપરના વિસ્તારનું છે. ભગવંત શ્રી ઋષભદેવજી જ્યારે વિચરતા હતા ત્યારે ત્રીજા આરાને અંતે આ ગિરિ મૂળમાં ૫૦ યોજન વિસ્તારવાળો, ઉપર દશ યોજન વિસ્તારવાળો અને ઉંચાંઇમાં આઠ યોજન હતો. તે પ્રમાણે ત્યાર પછીના કાળમાં નીચેના વિસ્તારના પ્રમાણમાં ઉપરનો વિસ્તાર ને ઉંચાઈ સમજી લેવી.

## આ તીર્થે થયેલા ઉદ્ધાર.

મનુષ્ય લોકમાં ૧૫ કર્મભૂમિઓ છે, કે જ્યાં ઉત્પન્ન થયેલા મનુષ્યો મોક્ષ માર્ગની આરાધના કરી શકે છે. તે પંદર કર્મભૂમિની અંદર મોક્ષમાર્ગની આરાધના કરવામાં પરમ આલંબનભૂત સિદ્ધાચળ તીર્થ આ એકજ કર્મભૂમિમાં છે. તેને લીધેજ આ ભરતક્ષેત્ર સર્વ કર્મભૂમિમાં મુખ્યપણાને પામેલ છે. આ ગિરિરાજની ઉપર આ અવસર્પિણીકાળમાં પ્રથમ **ભરત ચક્રવર્તી** શ્રીનાભ ગણધરની સાથે પધાર્યા, અને તેમણે પ્રથમ ઉદ્ધાર કર્યો. તેમણેજ ત્રિલોકયવિભ્રમ નામનો પ્રાસાદ ૮૪ મંડપવાળો કરાવ્યો, અને તેમાં શ્રી ઋષભદેવ ભગવંતની મણિરત્નમય ચતુર્મુખ મૂર્ત્તિ પધરાવી. આ ઉદ્ધાર સંબંધી તેમજ ભરત ચક્રવર્તીએ સર્વ તીર્થોપર પ્રથમ કરાવેલા જિનમંદિરો સંબંધી સવિસ્તર હકીકત શ્રી શત્રુંજય મહાત્મ્યના પાંચમા સર્ગમાં છે, તેથી તે સર્ગ સાદ્યંત વાંચી જવો; એથી અનેક પ્રકારની માહિતી મળવા સાથે બીજા પણ બહુ લાભ પ્રાપ્ત થશે.

ભરતચક્રીએ ઉદ્ધાર કરાવ્યા પછી ચોથા આરાની અંદર અસંખ્ય નાના મોટા ઉદ્ધાર થયા છે, પરંતુ તે સર્વમાં મુખ્ય ગણના કરવા લાયક ૧૧ ઉદ્ધાર થયા છે, એટલે ભરત ચક્રી સુદ્ધાં કુલ ૧૨ ઉદ્ધાર થયા છે, તે નીચે પ્રમાણે—

૨ જો–ભરતચક્રીના આઠમા પાટપર થયેલા **દંડવીર્ય** રાજાએ કર્યો. એ આઠે પાટ ભરતચક્રીની જેમ આરીસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા હતા.

૩ જો–શ્રી સીમંધરસ્વામીએ વર્ણવેલા આ તીર્થના મહાત્મ્યને સાંભળીને **ઈશાનેન્દ્રે** કરાવ્યો. તેણે હસ્તિની દેવીના ઉપદ્રવનું પણ નિવારણ કર્યું.

૪ થો–ચોથા દેવલોકના ઈંદ્ર **માહેંદ્રે** કરાવ્યો.

૫ મો–પાંચમા દેવલોકના ઇંદ્ર **બ્રહ્મેન્દ્રે** કરાવ્યો.

૬ ઠ્ઠો–બે વિદ્યાધર મુનિઓએ કહેલું એ તીર્થનું મહાત્મ્ય સાંભળી ભુવનપતિના ઇંદ્ર **ચમરેંદ્રે** કરાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ મો–શ્રી અજિતનાથજીના બંધુ **સગરચક્રી**એ કર્યો.

૮ મો–શ્રી અભિનંદનસ્વામી એ તીર્થે પધારતાં તેમની દેશનામાં એ તીર્થનું મહાત્મ્ય સાંભળીને **વ્યંતરેંદ્રો**એ કરાવ્યો.

૯ મો–શ્રી ચંદ્રપ્રભુના તીર્થમાં શ્રી ચંદ્રશેખરમુનિનો ઉપદેશ સાંભળીને તે મુનિના પુત્ર **ચંદ્રયશા**એ કર્યો.

૧૦ મો–શ્રી શાંતિનાથજીના પુત્ર **ચક્રાયુધ** પોતાના પિતાની દેશના સાંભળી સંઘ કાઢીને ત્યાં આવ્યા, અને ઇંદ્રના કહેવાથી જિનમંદિરાદિકની જીર્ણતા જાણીને તેમણે ઉદ્ધાર કર્યો.

૧૧ મો–શ્રી મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં **રામચંદ્રે** અને **લક્ષ્મણે** કર્યો.

૧૨ મો–શ્રી નેમિનાથજીની પાસેથી આ તીર્થનો મહિમા સાંભળી કૃષ્ણ સહિત **પાંડવો** આ તીર્થે યાત્રા કરવા આવ્યા; તે પ્રસંગે તેની જીર્ણતા જોઈને તેમણે તેમના પિતા પાંડુરાજા જે દેવ થયેલા હતા તેની સહાયવડે ઉદ્ધાર કર્યો.

આ પ્રમાણેના મુખ્ય બાર ઉદ્ધાર ચોથા આરામાં થયા પછી પાંચમા આરામાં આજ સુધીમાં માત્ર ૪ ઉદ્ધાર થયા છે તે નીચે પ્રમાણે—

૧૩ મો ઉદ્ધાર મહુવાનિવાસી **જાવડશા** નામના શેઠે શ્રી વજ્રસ્વામીની સહાયતાથી વિક્રમ સંવત્ ૧૦૮માં કર્યો. તે ઉદ્ધાર સંબંધી વર્ણન બહુ ચમત્કારિક હોવાથી ખાસ વાંચવા લાયક છે. ( જુઓ શ. મ. પૃષ્ઠ ૫૦૧ થી ૫૧૧ )

૧૪ મો ઉદ્ધાર શ્રી કુમારપાળ રાજાના વખતમાં શ્રીમાળી જ્ઞાતિના **બાહડ મંત્રી**એ સં.૧૨૧૩માં કર્યો. આ ઉદ્ધારનું વર્ણન પણ શ્રી ઉપદેશ પ્રાસાદાદિકમાંથી વાંચવા યોગ્ય છે. હાલ જે જિનમંદિર વિદ્યમાન છે તે આ બાહડમંત્રીનું કરાવેલું છે, એમ કહેવાય છે.

૧૫ મો ઉદ્ધાર **સમરાશા** નામના ઓશવાળ જ્ઞાતિના ગૃહસ્થે સંવત્ ૧૩૭૧માં કર્યો. તેમનું દ્રવ્ય ન્યાયોપાર્જિત હોવાથી અને વિધિમાં વિશુદ્ધતા હોવાથી એ ઉદ્ધાર પણ બહુ પ્રતાપી નિવડ્યો.

૧૬ મો ઉદ્ધાર **કરમાશા** નામના પોરવાડ જ્ઞાતિના ગૃહસ્થે સંવત્ ૧૫૮૭માં કર્યો છે. એમના પધરાવેલા મૂળનાયકજીના બિંબ અત્યારે વિદ્યમાન છે, અને તેમનો પ્રતાપ ને પ્રભાવ સર્વત્ર વિસ્તાર પામેલો છે.

આ પાછળના ત્રણ ઉદ્ધાર સંબંધી વિશેષ હકીકત લભ્ય થયે તે પ્રગટ કરવા ઇરાદો છે. આ પાંચમા આરાના બાકી રહેલા સુમારે સાડા અઢાર હજાર વર્ષમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે પછી પ્રતિમા આશ્રી અથવા જિનભુવન આશ્રી કેટલા ઉદ્ધાર થશે અને કોણ કરશે તે કોઈ જગ્યાએ લેખિત ન હોવાથી કહી શકાતું નથી. માત્ર એક પાંચમા આરાની પ્રાંતે છેલ્લો ઉદ્ધાર કરનાર **વિમળવાહન** રાજાની હકીકત શત્રુંજય મહાત્મ્યાદિકમાં લખાયેલી દૃષ્ટિએ પડે છે. એ ઉદ્ધાર શ્રી દુઃપ્રસભસૂરિ મહારાજના ઉપદેશથી વિમળવાહન રાજા કરાવશે; પરંતુ ત્યાર પછી બહુ થોડા વર્ષમાંજ પાંચમો આરો પૂરો થવાનો હોવાથી તે વધુ વખત રહી શકશે નહીં.

આ તીર્થના મહાત્મ્યાદિકના સંબંધમાં જેટલી હકીકત લખીએ તેટલી લખી શકાય તેમ છે. અનેક શાસ્ત્રોમાં તેનું વર્ણન આવે છે. શ્રી શત્રુંજય મહાત્મ્યમાં ભરતચક્રીના ઉદ્ધારની હકીકત બહુજ વિસ્તારથી આપવામાં આવી છે; તેની અંદર ભરતચક્રીએ કરેલી ગિરિરાજની, શ્રી ઋષભદેવજીની અને નેમિનાથ ભગવંતની સ્તુતિઓ ખાસ વાંચવા લાયક છે. સંસ્કૃતના અભ્યાસીઓએ તો તે કંઠે કરવા લાયક છે. આ વિષયની જુદી છપાનારી બુકમાં એ ત્રણે સ્તુતિ મૂળ શ્લોક તથા ભાષાંતર સાથે આપવામાં આવનાર છે.

આ તીર્થે શુભ ભાવથી યાત્રા કરનાર પ્રાણીનાં અનેક પ્રકારનાં પૂર્વે કરેલાં પાપ નાશ પામી જાય છે. દાન, શીળ, તપ ને ભાવ એ ચારે પ્રકારના ધર્મનું અહીં બહુ સહેલાઇએ આરાધન થઈ શકે છે. અત્યુત્તમ તીર્થ હોવાથી મુનિવર્ગનું આગમન રહ્યાજ કરે છે, તેથી તેમને દાન આપવાની જોગવાઈ સહેજે મળી આવે છે. ઉત્તમ શ્રાવકો પણ અનેક આવતા હોવાથી બંને પ્રકારનું સુપાત્રદાન અહીં દઇ શકાય છે. બ્રહ્મચર્ય સહેજે પળે છે. યથાશકિત તપસ્યા પણ થઇ શકે છે અને શુભ ભાવની વૃદ્ધિને માટે તો આ તીર્થ પરમ આલંબન–સાધનભૂત છે. માટે જ્યારે જ્યારે સાંસારિક વ્યવસાયમાંથી અવકાશ મળે ત્યારે ત્યારે અથવા તો અવકાશ મેળવીને પણ અવશ્ય આ તીર્થની યાત્રાનો પરમ લાભ મેળવવો. કિં બહુના !

# શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતો સાર.

( અનુસંધાન પુ. ૨૫ માના પૃષ્ઠ ૩૪૮ થી ).

શ્રીપાળ રાજા નવ પદના ધ્યાનમાં લીન થયા તેનું સ્વરૂપ રાસના કર્ત્તાએ દરેક પદની ભકિતરૂપ પાંચ પાંચ ગાથાવડે કહેલું છે. એનું મૂળ સ્થાન નવપદમહાત્મ્યગર્ભિત પ્રાકૃત પ્રકરણ ૧૨૪ ગાથાનું છે તે જણાય છે. અત્ર રાસ ઉપરથી દરેક પદનું વર્ણન આપવામાં આવેલ છે. પ્રથમના પ્રકરણની જેમ આ પ્રકરણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ હકીકત ને પછી તેનો સાર આપવામાં આવશે નહીં; કારણકે આ પ્રકરણમાં હકીકતજ સારરૂપ છે.

## પ્રથમ અરિહંત પદનું વર્ણન.

ત્રીજે ભવે જેમણે વીશ સ્થાનકો પૈકી એક અથવા તેથી વધારે પદોના આરાધનવડે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે અને જે ચૌદ સ્વપ્નવડે સૂચિત મનુષ્યપણું પામી ચારે નીકાયના દેવોના ૬૪ ઇંદ્રોવડે પૂજિત થાય છે, ૫૬ દિશાકુમારિકા અને અસંખ્ય ઇંદ્રો જેમનો જન્મોત્સવ કરે છે એવા અરિહંતને હું પ્રણામ કરૂં છું.

જેના પાંચે કલ્યાણકોએ જ્યાં નિરંતર અંધકાર રહે છે એવા સાતે નરકમાં પણ ઓછો વત્તો પ્રકાશ થાય છે અને જેઓ સર્વ જીવોથી અધિક ગુણોના તેમજ અતિશયોના ધારણ કરનારા છે એવા શ્રી અરિહંતને નમસ્કાર કરીને હું મારાં અનેક ભવસંચિત પાપોને ટાળું છું.

અહીં તીર્થંકરના ૩૪ અતિશય સંક્ષેપે બતાવવામાં આવે છે. તેની અંદર ૪ અતિશય તો પ્રભુના જન્મથીજ હોય છે, ૧૧ અતિશય ઘાતિકર્મના ક્ષયથી પ્રભુને જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તેની સાથે ઉત્પન્ન થાય છે અને ૧૯ અતિશયો તે સમયે દેવકૃત પ્રગટ થાય છે.

જન્મથી જે ચાર અતિશયો હોય છે તે આ પ્રમાણે—

૧ ભગવંતનું શરીર મળરહિત, રોગરહિત, સુગંધયુકત અને અદ્ભુત રૂપવાળું હોય.૨ શરીરની અંદરનાં રૂધિર ને માંસ ગાયના દૂધ જેવા ઉજ્વળ તેમજ દુર્ગંધરહિત હોય. ૩ આહાર ને નિહાર અદૃશ્ય હોય. ૪ શ્વાસોશ્વાસ કમળ સરખો સુગંધી હોય.

ઘાતિકર્મના ક્ષયથી થનારા ૧૧ અતિશયો આ પ્રમાણે—૧ એક યોજન પ્રમાણ સમવસરણમાં ત્રણ ભુવનના દેવો, મનુષ્યો અને તિર્યંચો સમાઇ શકે. ૨ પ્રભુની વાણી દેવો, મનુષ્યો અને તિર્યંચો સર્વે પોતપોતાની ભાષામાં સમજે. ૩ ભગવંત વિચરે તેનાથી ફરતાં ૨૫ યોજન પ્રમાણ ક્ષેત્રમાંથી પૂર્વોત્પન્ન રોગાદિ નાશ પામે. ૪ જાતિવૈરવાળા જીવોનો પણ પરસ્પર વૈરભાવ નાશ પામે. ૫ ભગવંત વિચરે ત્યાં દુર્ભિક્ષ દુષ્કાળ ન હોય. ૬ સ્વચક્ર પરચક્રનો ભય ન હોય. ૭ મારી મરકીનો ઉપદ્રવ ન હોય. ૮ ઇતિ એટલે ધાન્યાદિકના વિનાશકારક જીવજંતુઓની ઉત્પત્તિ ન હોય. ૯ અતિવૃષ્ટિ ન હોય. ૧૦ અનાવૃષ્ટિ ન હોય. ૧૧ ભગવંતની પાછળ ઉદ્યોતમય ભામંડળ (કાંતિસમૂહ) જળહળતું રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવકૃત ૧૯ અતિશયો આ પ્રમાણે—૧ મણિ રત્નમય સિંહાસન સહચારી હોય, ૨ ત્રણ છત્ર મસ્તકે હોય, ૩ ધર્મધ્વજ નિરંતર આગળ ચાલે, ૪ ચોવીશ જોડા ચામર અણુવિંજાયા વિંજાય, ૫ ધર્મચક્ર આકાશમાં રહ્યું સતું આગળ ચાલે, ૬ મસ્તક ઉપર અશોક વૃક્ષ પ્રભુના શરીરથી બાર ગણું ઉંચું સાથે રહે, ૭ પ્રભુ પૂર્વ સન્મુખ સિંહાસનપર બિરાજે ત્યારે ચતુર્મુખ દેખાય, ૮ રૌપ્ય કનક તથા રત્નમય ત્રણ ગઢ હોય, ૯ ભગવંત ચાલે ત્યારે સુવર્ણમય નવ કમળ પગ નીચે આગળ પાછળ ચાલતા રહે, ૧૦ કાંટા અધોમુખ થઈ જાય, ૧૧ સંયમ લીધા પછી કેશ નખ ન વધે, ૧૨ ઓછામાં ઓછા ક્રોડોગમે દેવતાઓ સેવામાં રહે, ૧૩ સર્વ ઋતુ સુખદાઈ હોય, ૧૪ સુગંધી જળની વૃષ્ટિ હોય, ૧૫ જળસ્થળનાં ઉપજેલાં પાંચ વર્ણનાં પુષ્પોની ઢીંચણ પ્રમાણ વૃષ્ટિ હોય, ૧૬ પક્ષીઓ પ્રદક્ષિણા દેતા જાય, ૧૭ વાયુ સાનુકૂળ હોય, ૧૮ વૃક્ષો નીચા નમીને પ્રણામ કરે, ૧૯ આકાશમાં દેવદુંદુભી વાગે.

ભગવંતના આઠ પ્રાતિહાર્ય પૈકી અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, ચામર, સિંહાસન, દુંદુભી અને છત્રત્રય એ છ પ્રાતિહાર્યનો આ ૧૯ અતિશયોમાંજ સમાવેશ છે. ભામંડળરૂપ પ્રાતિહાર્ય કર્મક્ષયથી થતા ૧૧ અતિશયોમાં છે, અને દિવ્ય ધ્વનિ જે દેવતાઓ પૂરે છે તે વાણીના ગુણને અંગે સમાયેલી જણાય છે.

આવા ૩૪ અતિશયયુક્ત પરમાત્મા તેમના આત્મગુણની પરમ નિર્મળતા થવાથી તેમજ દેશનાવડે પરમ ઉપકારના નિમિત્તભૂત હોવાથી ત્રણ જગત્‌ના જીવોને વંદનિક છે, તેને હું ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરૂં છું.

જે પ્રભુ ગર્ભમાં ઉત્પન્ન થયા ત્યારથીજ ત્રણ જ્ઞાનવડે અલંકૃત હોય છે, જેટલું દેવભવમાં મતિ, શ્રુત ને અવધિજ્ઞાન હોય છે. તેટલું નાશ ન પામતાં—અવરાઇ ન જતાં સાથેજ આવે છે. વળી એ પ્રભુ અનેક પ્રકારની બાહ્ય ઋદ્ધિના સ્વામી છતાં પણ જે વખતે પોતાનું ભોગકર્મ ક્ષીણ થયેલ જાણે છે ત્યારે એક ક્ષણ માત્ર પણ સંસારમાં ન રહેતાં સર્વ સંગ ત્યાગીને ચારિત્ર ધર્મને અંગીકાર કરે છે. તે વખતથી તેમને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. છદ્મસ્થાવસ્થામાં પ્રાયે મૌનપણે રહી ઘાતિકર્મને ખપાવવા માટે જ્ઞાન, ચારિત્ર અને બાહ્યાભ્યંતર તપવડે પ્રબળ પ્રયાસ કરી તેનો સર્વથા ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે; પછી તીર્થંકર નામકર્મનો ઉદય થવાથી ભવ્ય, સુલભબોધી અને પરિત્તસંસારી જીવોને દેશના આપવાવડે સંસારસમુદ્રનો પાર પમાડે છે, અને પોતે ભવને અંતે નિર્મળ ધ્યાનથી શૈલેશી કરણવડે અયોગી અવસ્થા પ્રાપ્ત કરી સિદ્ધિસ્થાનને મેળવે છે, એવા વીતરાગ પરમાત્માને હું શુદ્ધ અંતઃકરણવડે નમસ્કાર કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિહંત દેવને સર્વે શુભ ઉપમાઓ આપી શકાય છે, પરંતુ શાસ્ત્રકાર ખાસ કરીને મહાગોપ, મહામાહણ, નિર્યામક અને સાર્થવાહની ઉપમા આપે છે. ૧ જેમ ગોવાળ તેને આશ્રે પડેલી ગાયોનું શ્વાપદોના ભયથી રક્ષણ કરી તેને સ્વસ્થાને પહોંચાડે છે, તેમ ભગવંત ભવ્ય જીવોરૂપ ગાયોના સમુદાયનું જન્મ જરા મરણના ભયથી રક્ષણ કરી મોક્ષરૂપ જે તેનું સ્થાન ત્યાં નિર્વિઘ્ને પહોચાડે છે,તેથી તે **મહાગોપ**ની ઉપમાને યોગ્ય છે. ૨ વળી તેમના ઉપદેશથી અનેક ભવ્ય જીવો મુનિપણું અંગીકાર કરી છકાય જીવોની ત્રિવિધે ત્રિવિધે રક્ષા કરે છે, ત્રણ જગતમાં અમરપડહ વજડાવે છે; **તેથી એવા સર્વત્ર** માહણ ( ન હણો ) શબ્દનો નિર્ઘોષ કરાવનારા પરમાત્મા **મહામાહણ**ની ઉપમાને યોગ્યછે. ૩ નિર્યામક એટલે વહાણનો ટંડેલ—કપ્તાન જેમ વહાણની અંદર બેઠેલા મનુષ્યોનું સમુદ્રના ઉપદ્રવથી રક્ષણ કરી તેમના ધારેલા બંદરે પહોચાડે છે, તેમ અરિહંત પણ ભવસમુદ્રમાં પડેલા ભવ્ય જીવોનો તેમની ભવસ્થિતિ પરિપકવ થયે તેમાંથી ઉદ્ધાર કરી, શુદ્ધ માર્ગમાં જોડી દઈ, ચારિત્રરૂપ પ્રવહણમાં બેસાડી, ઘાતિકર્મરૂપ ઉપદ્રવનો સર્વથા ક્ષય કરી સિદ્ધસ્થાનમાં પહોચાડે છે, તેથી તેઓ અપૂર્વ **નિર્યામક**ની ઉપમાને યોગ્ય છે. ૪ વળી જેમ સાર્થવાહ પોતાની સાથે આવેલા સામાન્ય વેપારીઓના માલ વિગેરેનું રક્ષણ કરી, અટવી ઓળંગાવી તેમને તેમના ધારેલા બંદરે પહોંચાડે છે; તેમ ભગવંત પણ ભવાટવીમાં પડેલા અને તેમાં રખડતા રઝળતા ભવ્ય જીવોને શુદ્ધ માર્ગના ઉપદેશવડે ધર્મ પમાડી ભવાટવી ઓળંગાવી મોક્ષરૂપ નગરે પહોંચાડે છે, તેથી તેઓ સાર્થવાહની ઉપમાને યોગ્ય છે. આવી ચારે ઉપમા જેમને પુરેપુરી રીતે ઘટે છે એવા અરિહંત દેવને હું ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરૂં છું.

વળી જે પરમાત્મા ઉપર બતાવી ગયેલા આઠ પ્રાતિહાર્યોવડે નિરંતર અલંકૃત હોય છે, જેમની વાણી પાંત્રીશ ગુણવડે શોભતી હોય છે અને જે સર્વ જગતના જીવોને ઉપદેશ આપે છે તેવા અરિહંત પરમાત્માને હું મન વચન કાયાવડે પ્રણામ કરૂં છું.

અહીં પ્રસંગોપાત્ અરિહંતની વાણીના ૩૫ ગુણ બતાવવામાં આવે છે–૧ જે ઠેકાણે જે ભાષા બોલાતી હોય તે ભાષા અર્ધ માગધી સહિત બોલે. ૨ એવે ઉંચે સ્વરે દેશના આપે કે જેથી એક યોજન પ્રમાણ સમવસરણમાં બેઠેલા સર્વ જીવો એક સરખી રીતે સાંભળે. ૩ ગ્રામીક તુચ્છ ભાષા ન બોલે–પ્રૌઢ ભાષા બોલે. ૪ મેઘની જેવી ગર્જારવવાળી ગંભીર વાણી બોલે. ૫ સાંભળનાર દરેક શબ્દ ભિન્ન ભિન્ન સમજી શકે તેમ બોલે. ૬ સાંભળનારને સંતોષ ઉપજે, માનભરેલી લાગે એવી સરલ વાણી બોલે. ૭ સર્વે સાંભળનાર એમ સમજે કે પ્રભુ અમને ઉદ્દેશીનેજ બોલેછે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી સર્વને બહુમાન ઉત્પન્ન કરવાવાળી વાણી બોલે. ૮ પુષ્ટ અને વિસ્તારવાળા અર્થ સહિત બોલે. ૯ પૂર્વાપર અવિરોધી વાણી બોલે—જેમના બોલવામાં પૂર્વાપર વિરોધ આવેજ નહીં. ૧૦ મહત્વ ભરેલાં વચનો બોલે કે જેથી સાંભળનારા અનુમાન કરે કે આવાં વચનો મોટા પુરૂષોનાં મુખમાંથીજ નીકળે. ૧૧ સાંભળનારને સંદેહ ન રહે તેવી સ્પષ્ટ વાણી બોલે. ૧૨ એવા અર્થનું વ્યાખ્યાન કરે કે જેમાં કોઈ દૂષણ કાઢી શકેજ નહીં. ૧૩ સૂક્ષ્મ અને કઠણ વિષય પણ એવી રીતે બોલે કે જેથી સાંભળનારના હુદયમાં તરત રમી જાય. ૧૪ પ્રસ્તાવોચિત બોલે. ૧૫ ષડ્દ્રવ્ય નવતત્ત્વાદિકના સ્વરૂપને પુષ્ટ કરતા સતા અપેક્ષાયુક્ત વિવક્ષિત વસ્તુ કહે. ૧૬ વિષય, સંબંધ, પ્રયોજનને અધિકારી સહિત બોલે. ૧૭ પદરચનાની અપેક્ષાએ બોલે. ૧૮ નવતત્ત્વ ને ષડ્દ્રવ્યનું સ્વરૂપ પટુતાવાળું કહે. ૧૯ એવું સ્નિગ્ધ અને મધુર બોલે કે જેથી સાંભળનારને ઘૃત ગોળ કરતાં પણ વધારે મીઠાશ આપે. ૨૦ એવી ચતુરાઇથી બોલે કે જેમાં પરમર્મને ઉઘાડવાપણું ન જણાય. ૨૧ ધર્મ અર્થ પ્રતિબદ્ધ બોલે. ૨૨ દીપકની જેવો પ્રકાશકારી ઉદાર અર્થ કહે. ૨૩ પરનિંદા ને આત્મપ્રશંસા રહિત બોલે. ૨૪ સાંભળનાર તરતજ સમજી જાય કે આ સર્વગુણસંપન્ન છે એવું બોલે. ૨૫ કર્ત્તા, કર્મ, ક્રિયા, લિંગ, કારક, કાળ ને વિભક્તિ સહિત બોલે. ૨૬ સાંભળનારને વિસ્મય થાય, આશ્ચર્ય ઉપજે એવું બોલે. ૨૭ સ્વસ્થ ચિત્તે અતિ ધીરતાથી બોલે—ઉતાવળું ન બોલે. ૨૮ વિલંબ રહિત બોલે. ૨૯ મનની ભ્રાંતિ વિના બોલે. ૩૦ વૈમાનિક ભવનપતિ વિગેરે દેવો મનુષ્ય તિર્યંચ સર્વ પોતપોતાની ભાષામાં સમજે તેમ બોલે. ૩૧ શિષ્યોને—ગણધરોને વિશેષ બુદ્ધિ ઉપજે એવું બોલે. ૩૨ પદના અર્થને અનેકપણે વિશેષિત કરીને બોલે. ૩૩ સત્વ પ્રધાન વાણી બોલે. ૩૪ પુનરૂક્તિ ન કરે. ૩૫ સાંભળનારને ખેદ શ્રમ કિંચિત્ પણ ન ઉપજે તેમ બોલે.

આવી અનેક ગુણસંયુકત વાણીના બોલનાર, જગતના ઉપગારી, અત્યુત્તમ ઐશ્વર્યતાને પામેલા, સર્વગુણસંપન્ન, સર્વદોષરહિત, પુણ્યપ્રકૃતિના બળવડે જન્મથીજ દેવ દેવેંદ્રાદિકથી પૂજાતા—સ્તવાતા, પુષ્પના સુવાસની જેમ અદ્યાપિ પણ જેમના ગુણોની સ્તવના થયા કરે છે, એવા અરિહંતને હું નમસ્કાર કરૂં છું, સ્તવું છું, તેમની ભકિતમાં લીન થાઉં છું.

આ પ્રમાણે શ્રીપાળરાજાએ અરિહંત પદની સ્તુતિ કરી અને તેના શુદ્ધ સ્વરૂપને હુદયમાં ભાવવા લાગ્યા.

અપૂર્ણ.

For Private And Personal Use Only

## ટુંકો ઉપદેશ.

### સ્ત્રી પરિચયથી હાનિ.

હાલનો મુનિવર્ગ સ્થૂળભદ્ર થવા માગે છે અને હાલના શ્રાવકો **સુદર્શન** શેઠ થવા જાય છે, પરંતુ સર્વે મુનિ મહારાજાએ સ્મરણમાં રાખવાની જરૂર છે કે સ્થૂળભદ્ર થવું તો દૂર રહ્યું પણ સિંહગુફાવાસી થવું તે પણ મુશ્કેલ છે. તે તો કોશા વેશ્યાના માત્ર એક વચનથી પાછા વળ્યા અને માત્ર માનસિક ચતુર્થ વ્રતના ભંગથી ગુરૂ પાસે આલોયણ લઈ શુદ્ધ થયા. સાંપ્રતકાળના મુનિઓ પોતાના સત્વનો તોલ કર્યા શિવાય સાધ્વીઓનો કે શ્રાવિકાઓનો વિશેષ પરિચય કરે છે—વાતો કરે છે—વાંધા પતાવે છે, પરંતુ તેમાં પોતાના આત્માને બ્રહ્મચર્ય સાથે મોટો વાંધો પડે છે તેનો વિચાર કરતા નથી. તેવા પ્રસંગમાં ત્રિવિધે ત્રિવિધે અંગીકાર કરેલું ચતુર્થ વ્રત કેવી સ્થિતિમાં રહે છે તેનો તેમણે સ્વયમેવ વિચાર કરી લેવો, અને ભગવંતની આજ્ઞા એ સંબંધમાં શું છે તેને અનુસરવું. તે સાથે **जथ्थ अज्जाहिं समं** એ ગાથાનો અર્થ પણ વિચારવો.

હવે આપણા શ્રાવક ભાઈઓ જેઓ મિત્રાદિકની સ્ત્રીઓના વિશેષ પરિચયમાં આવે છે—રહે છે—વસે છે તેમણે ઇંદ્રિયોના થનથનાટનો પોતાના આત્માની સાક્ષીએ વિચાર કરવો. લગામ લગાસના ઇંદ્રિયોરૂપી અશ્વને કાબુમાં રાખવા માટે કેટલું આત્મબળ—જ્ઞાનબળ જોઈએ તેનો પણ વિચાર કરવો. તે સાથે પરસ્ત્રીના અંગોપાંગ નિરખવાનું કાર્ય ચક્ષુઇંદ્રિયે કર્યું છે કે નહીં તે તેને પ્રતિજ્ઞા સાથે પુછી જોવું. આ શીળગુણથી પતિત થવાનું પહેલું પગથીયું છે. યાદ રાખવું કે આથી સુદર્શન શેઠ થવાય તેમ નથી. તેમની પ્રાર્થના કરનારી પુરોહિતની સ્ત્રી સાથે એકાંત છતાં તેમણે જે વિશુદ્ધિ જાળવી અને અભયા રાણીએ બતાવેલા પ્રાણાંતભયથી પણ લેશ માત્ર ડગ્યા નહીં તે તો તે એકજ. માટે શિવ બંધુઓ! આ ટુંકો ઉપદેશ ધ્યાનમાં લઈ મિત્રાદિકની સ્ત્રીઓનો પણ વિશેષ પરિચય ન કરશો. જો કરશો તો એક જાતિનું નુકશાન નહીં મેળવો, પણ બહુ જાતિનું નુકશાન મેળવશો. હાલ આટલુંજ ધ્યાનમાં રાખશો તો બસ છે. વધારે હવે પછી.

---

### શેઠ અનુપચંદ મલુકચંદનું ખેદકારક મૃત્યુ.

આ વિદ્વાન જૈનબંધુએ જેઠ શુદિ ૧૪ સે શ્રી સિદ્ધાચળ તીર્થની યાત્રા માટે જતાં કોઈ પણ પ્રકારની વ્યથાનો અનુભવ કર્યા શિવાય પરમાત્મા સન્મુખ દૃષ્ટિ રાખીને ધર્મચર્ચા કરતાં કરતાં ઔદારિક દેહને તજી દીધો છે. એમની વિદ્વત્તા માટે બે મત નથી. શ્રાવકવર્ગમાં એમની જોડના ધર્મશાસ્ત્રના અભ્યાસી ને અનુભવી જડવા મુશ્કેલ છે. એમના આ તીર્થસ્થળે ઉપવાસની તપસ્યા સાથે થયેલા અકસ્માત્ મૃત્યુએ એક નવુંજ શિક્ષણ આપ્યું છે. દેહ તો વિનશ્વર છેજ પણ તેની અંતસ્થિતિ ક્યાં ને કેવી રીતે થાય છે તેના ઉપર બહુ આધાર રહે છે. આ મૃત્યુ ખરેખરી તેમની [illegible]ગતાનું ને સદ્ગતિગમનનું ભાન કરાવે છે—ખાત્રી આપે છે. એમના પંચત્વથી જૈનવર્ગને ન પુરાય તેવી ખામી આવી પડી છે; પરંતુ કાળની ગતિ દુરતિક્રમ છે, તેની પાસે પ્રાણી નિરૂપાય છે, અમને પણ એમનો અભાવ બહુ ખેદરૂપ થયો છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

શ્રી જામનગરનિવાસી શ્રાવક હીરાલાલ હંસરાજે છપાવેલા સંસ્કૃત ગદ્યપદ્યાત્મક નીચે જણાવેલા ગ્રંથો અમારે ત્યાંથી મળી શકે છે. પરંતુ તેની કિંમત હદ ઉપરાંત વધારે રાખેલી હોવાથી તેમજ તેના કાગળ ટાઈપો વિગેરે પ્રશંસનીય નહીં હોવાથી તે પ્રતો મુનિ મહારાજ વિગેરેને ભેટ તરીકે મોકલવામાં આવતી નથી.

| | | |
|---|---|---|
| ૧ | પંચસંગ્રહ ટીકા. ભા.૧-૨-૩-૪. દરેક ભાગના | ૭-૮-૦ |
| ૨ | શ્રી ઉત્તરાધ્યયન ટીકા વિધિપક્ષી જયકીર્તિસુરિ વિરચિત. | ૧૫-૦-૦ |
| ૩ | શ્રી શત્રુંજય મહાત્મ્ય મૂળ શ્લોકબંધ. | ૧૨-૦-૦ |
| ૪ | શ્રી શીલોપદેશમાળા વૃત્તિ ( શીલતરંગિણી ) | ૯-૦-૦ |
| ૫ | શ્રી ઉપદેશમાળા વૃત્તિ. શ્રી રામવિજયજી કૃત. | ૯-૦-૦ |
| ૬ | શ્રી આત્મપ્રબોધ ગ્રંથ. | ૮-૦-૦ |
| ૭ | દાનાદિકુલક વૃત્તિ. | ૬-૦-૦ |
| ૮ | શ્રી કલ્પસુત્ર સુખબોધિકા ટીકા. | ૬-૦-૦ |
| ૯ | સુક્તિ મુક્તાવળી ( પ્રસ્તાવિક શ્લોકો ) | ૩-૮-૦ |
| ૧૦ | ગૌતમપૃચ્છા વૃત્તિ. | ૨-૦-૦ |
| ૧૧ | ગૌતમકુળક લઘુવૃત્તિ. શ્રી જ્ઞાનતિલક ગણિકૃત. | ૧-૧૨-૦ |
| ૧૨ | સમ્યકત્વ કૌમુદી. | ૧-૧૨-૦ |
| ૧૩ | શ્રી વિમળનાથ ચરિત્ર. શ્રી વર્ધમાનસુરિ કૃત. | ૯-૦-૦ |
| ૧૪ | મલયસુંદરી ચરિત્ર. પદ્યબંધ. | ૪-૦-૦ |
| ૧૫ | મૃગાવતી ચરિત્ર. પદ્યબંધ. | ૨-૧૨-૦ |
| ૧૬ | યશોધર ચરિત્ર. શ્લોકબંધ. | ૨-૦-૦ |
| ૧૭ | ધમ્મિલ ચરિત્ર. પદ્યબંધ શ્રી જયશેખર સુરિકૃત. | ૩-૦-૦ |
| ૧૮ | શ્રીપાળ ચરિત્ર. સંસ્કૃત ગદ્યબંધ-જયકીર્તિકૃત. | ૧-૧૨-૦ |
| ૧૯ | શ્રીપાળ ચરિત્ર. શ્લોકબંધ સત્યરાજ ગણિકૃત. | ૦-૧૨-૦ |
| ૨૦ | અંબડ ચરિત્ર. | ૧-૮-૦ |
| ૨૧ | મહીપાળ ચરિત્ર. શ્લોકબંધ. | ૧-૯-૦ |
| ૨૨ | નરવર્મા ચરિત્ર ,, | ૧-૦-૦ |
| ૨૩ | ઉત્તમ કુમાર ચરિત્ર. પદ્યબંધ. | ૦-૧૨-૦ |
| ૨૪ | રૌહિણેય ચરિત્ર. | ૦-૮-૦ |
| ૨૫ | નાભાકરાજ ચરિત્ર. | ૦-૬-૦ |
| ૨૬ | કામઘટ કથા. | ૦-૧૨-૦ |
| ૨૭ | ધર્મવિલાસ. શ્લોકબદ્ધ. | ૧-૦-૦ |
| ૨૮ | સાધુદિનકૃત્ય સામાચારી. શ્લોકબદ્ધ. | ૦-૧૨-૦ |
| ૨૯ | યુક્તિપ્રકાશ સટીક. સ્યાદ્વાદકલિકા. હારિભદ્રી અષ્ટક મૂળ. | ૦-૧૨-૦ |
| ૩૦ | અઠ્ઠાઈ વ્યાખ્યાન. | ૦-૫-૦ |
| ૩૧ | ચૌમાસી વ્યાખ્યાન તથા હોળીકાખ્યાન. | ૦-૮-૦ |
| ૩૨ | પાક્ષિક સૂત્રાવચુરિ. | ૦-૮-૦ |
| ૩૩ | શ્રમણ સૂત્રાવચુરિ. | ૦-૪-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

અમારા તરફથી વેચાણ બુકોનું લિસ્ટ બહાર પડ્યા પછી નીચેની બુકો વેચાણમાં વધી છે. જોઇએ તેણે મંગાવવી.

| | | |
|---|---|---|
| અધ્યાત્મકલ્પદ્રુમ ભાષાંતર વિવેચન સહિત. | ગુજરાતી. | ૧-૪-૦ |
| આત્મજ્ઞાન નિશિકા. | શાસ્ત્રી. | ૦-૬-૦ |
| જૈનભાનુ ભાગ ૧ લો. | ,, | ૦-૫-૦ |
| ગૌતમ સ્વામીનો રાસ, અર્થ સહિત. | ગુજરાતી. | ૦-૧-૦ |
| અષ્ટાપદનો નકશો રંગીત કપડા સાથે. | | ૦-૬-૦ |
| પાવાપુરીનો નકશો. ,, ,, | | ૦-૬-૦ |
| શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો સીલ્વર જ્યુબીલી અંક. | ગુજરાતી. | ૦-૧૨-૦ |
| શ્રી શાંતિનાથ ચરિત્ર. પદ્યબંધ. અંક ૧-૨. (કલકત્તાના) | દરેક અંકના | ૦-૧૧-૦ |
| નયમાર્ગ દર્શક. | ગુજરાતી. | ૦-૧૨-૦ |
| વૈરાગ્ય તરંગ ભક્તિમાળા. | ગુજરાતી. | ૦-૪-૦ |
| શાલિભદ્ર ચરિત્ર. (બનારસનું) | સંસ્કૃત. | ૧-૪-૦ |
| સમ્મતિતર્ક વિભાગ ૧ લો. ,, | ,, | ૩-૦-૦ |
| પૃથ્વીની કથા ભાગ ૧ લો. ,, | ,, | ૦-૪-૦ |
| જગદ્ગુરૂ કથા. ,, | ,, | ૦-૪-૦ |
| ભજન પદ સંગ્રહ ભાગ ૧-૨-૩-૪ | ગુજરાતી. દરેકના | ૦-૮-૦ |
| ઢુંઢક હૃદય નેત્રાંજન. (પાકા પુંઠાની) | ગુજરાતી. | ૧-૮-૦ |
| ધર્મનો દરવાજો જોવાની દિશા. | ,, | ૦-૮-૦ |
| પાંડવ ભારત. (કાવ્ય) | સંસ્કૃત. | ૩-૪-૦ |
| ઉપાસગ દશાંગ ટીકા સહિત ઇંગ્લીશ નોટ સાથે (કલકત્તાનું) | સંસ્કૃત. | ૬-૦-૦ |
| ઉપદેશમાળા મુળ ગાથાનો અર્થ. | ગુજરાતી. | ૦-૪-૦ |
| સંઘપટ્ટ કાવ્ય ટીકા તથા અર્થ સહિત. | સંસ્કૃત. | ૨-૦-૦ |
| જીવવિચારાદિ ચાર પ્રકરણ શબ્દાર્થ સહિત. | શાસ્ત્રી. | ૦-૪-૦ |
| પાંચ પ્રતિક્રમણ ગુજરાતી અર્થ સહિત. (ઉમેદચંદ રાયચંદ વાળી) | | ૦-૧૨-૦ |

ઉપર જણાવેલી કિંમત ઉપરાંત પોસ્ટેજ જુદું સમજવું.

---

## નવા લાઇફ મેમ્બરો.

| | | |
|---|---|---|
| ૧ | શેઠ મણીલાલ મોહનલાલ ગુલાબચંદ. | મુંબઇ. |
| ૨ | ઝવેરી મોતીચંદ રૂપચંદ. | સુરત. |
| ૩ | શા ચુનીલાલ રતનચંદ. | જુન્નેર. |
| ૪ | ઝવેરી ભીખુભાઇ હીરચંદ. | મુંબઇ. |
| ૫ | ઝવેરી લાલાભાઇ કલ્યાણભાઇ. | વડોદરા. |

For Private And Personal Use Only